Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું પાક્ષિક માધ્યમ

સળંગ વર્ષ ૯૩મું

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**
FORTNIGHTLY

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

VOLUME : 1 • ISSUE : 1 • DATE : 5TH AUGUST 2018 • YEARLY SUBS. RS. 50/-

!! શ્રી શાંતિનાથાય નમઃ !!

મહારાષ્ટ્રમાં અચલગચ્છની આન-બાન-શાન શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનું ગૌરવ **"શ્રી પારોલા તીર્થે"** ભવ્યાતિભવ્ય

## શ્રી નવકાર જાપ મહા અનુષ્ઠાન તથા થઈ ગયેલ પ્રમુખોની આદરાંજલી સભા

**:: પાવન શુભાશિષ ::**

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી,
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા આચાર્ય ભગવંતો
આદિ શ્રમણ - શ્રમણી ભગવંતો

**:: શુભ નિમિત્ત ::**

પારોલા તીર્થના પૂર્વ પ્રમુખશ્રીઓ

✳ શ્રી સોમચંદ ભાણજી લાલકા (વારાપધ્ધર-અમલનેર)
✳ શ્રી કુંવરજી જીવરાજ લોડાયા (કોઠારા-પાંચોરા)
✳ શ્રી દીપક દામજી પોલડીયા (ગોએરસમા-ફેજપુર/ભુસાવલ)

ની જિનશાસન અનુપમ સેવાઓને નવકાર જાપ સહ આદરાંજલી સભા...

(ત્રણે દિવંગતશ્રીઓના ફોટાઓનું અનાવરણ તથા મરણોત્તર માનપત્ર અર્પણ થાશે.)

**:પાવન નિશ્રા:**
ચાતુર્માસ બિરાજમાન
પરમ વિદુષી પૂ. સા. શ્રી
પુણ્યોદયશ્રીજી મ.સા.ના
શિષ્યા મધુરભાષી પ.પૂ.સા.
શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.
આદિ ઠાણા

**ઉપસ્થીતી**
પ.પૂ. યતિવર્ય
શ્રી મોતિસાગરજી
મ.સા.

**:સૂત્ર સંચાલન:**
નવકાર સાધક
"શ્રી જયંતભાઈ રાહી"ના
ધર્મપુત્ર યુવા વિધિકાર
શ્રી હર્ષ દેઢિયા
(તલવાણા/ઘાટકોપર)ના
સંગીતમય સથવારે

**બુધવાર, તા. ૧૫-૦૮-૨૦૧૮ સમય: સવારે ૮.૦૦ ક.**

**-: સમારોહના પ્રમુખ :-**

શેઠશ્રી તિલોકચંદ નરશીભાઈ દંડ - વરાડીયા/મલકાપુર (શ્રી ક. દ. ઓ. મહારાષ્ટ્ર એકમના પ્રમુખશ્રી)

<u>અતિથી વિશેષ :</u> શ્રી અખીલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) જૈન સંઘ, સમસ્ત ક. દ. ઓ. જૈન મહાજન, શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ, દક્ષીણ ભારત એકમ, પશ્ચીમ ભારત એકમ, ઉત્તર ભારત એકમ, ગુણસિન્ધુ પરિવાર આદિ સંસ્થાઓના ટ્રસ્ટીઓ/પદાધીકારીઓ તથા વિશિષ્ઠ મહાનુભાવોની ઉપસ્થિતીમાં ત્રણે દિવંગત પૂર્વ પ્રમુખશ્રીઓના મહાજનના આંગણે ફોટાઓનું અનાવરણ તથા મરણોત્તર માનપત્ર અર્પણના આ વિશિષ્ઠ આયોજનના આપ સહુ સાક્ષી બનવા જરૂરથી શ્રી પારોલા તીર્થે પધારો ! પધારો ! પધારો ! કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.

**નિમંત્રક : શ્રી પારોલા ક. દ. ઓ. શ્વે. મૂ. જૈન સંઘ**

લિ. પ્રમુખ-ધનપતી કુંવરજી મોમાયા, ઉપપ્રમુખ-પિયુષ ચંદુલાલ ડાઘા, મા. મંત્રી- ગોવિંદજી નેણશી સોની ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોના જયજિનેન્દ્ર

UPASANA-9820167767

# Congratulations

Wish you all the luck & happiness for your bright future-
Mrs: Priti Mahendra Momaya



Arpit Mahendra Momaya
M.sc (F.S.T)

**Completed Masters in Food Science & Technology from D.Y Patil University, (Navi Mumbai).**
**Now: Admitted in Illinois Institute of Technology (Chicago, USA) for Masters in Food Safety & Technology.**

**Completed Govt. Diploma in Interior Designing from Rachna Sansad School of Interior Designing.**
**Now: Working as an Interior Designer and as a food blogger- Ms.foodiebones**

Follow us:
web:msfoodiebones.wordpress.com
E: msfoodiebones@gmail.com
Instagram: foodiebones.



Riddhi Mahendra Momaya
Govt. Diploma (I.D)

Upcoming project : Mountain Shadow Resorts, Igatpuri
by Ram Realty. Partner- Mahendra Dosabhai Momaya.
Arihant Real Estate, Nasik. E: mahendra.momaya@gmai.com
Ph: 9422793063 8411997272 02532317372

**SHRI DOSABHAI KHIMJI MOMAYA PARIWAR (BAROI-NASIK)**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪





આયોજીત

અચલગચ્છાધિપતિ તપ તપચક્રવર્તી તપસ્વીરત્ન

## પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

તથા

## ગુરુ ભગવંતોને સાંવત્સરિક વંદન - ક્ષમાપના

તથા

## અબડાસાની નાની-મોટી પંચતિર્થિ રૂપ ચૈત્ય પરિપાટી

પર્યુષણ પર્વ દરમ્યાન શ્રાવકના પાંચ કર્તવ્યોમાંનો એક કર્તવ્ય એટલે ચૈત્ય પરિપાટી. આ વર્ષે આયોજેલ ચૈત્ય પરિપાટી કચ્છ ગઢસીસા મધે બિરાજમાન તપસ્વીરત્ન ગચ્છાધિપતિશ્રીને સાંવત્સરિક વંદન તેમજ અબડાસા તાલુકાના આપણા જૈન ચૈત્યોની નાની-મોટી પંચતિર્થી રૂપે પ્રસ્થાનમાં આપ સૌ જોડાઇ અમારા પ્રયત્નમાં અનેરો ઉત્સાહ વધારવા બદલ આપ સૌ યાત્રિકોને ધન્યવાદ. તેમજ ચૈત્ય પરિપાટી તીર્થ યાત્રાને સુખદ, સરાહનીય બનાવવા મુંબઇ મહાજનશ્રીના અધિકારીઓ દ્વારા આર્થિક સહયોગની ટહેલ-અપીલ કરાતાં **સ્વલક્ષ્મીને મહાલક્ષ્મી બનાવનાર દાતા પરિવારો...**

### મુખ્ય દાતાશ્રી





**માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** (સુથરી - વરલી)

### સહાયક દાતાશ્રી

**માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર** (રાપર ગઢવારી - વાલકેશ્વર)

હ. **શ્રીમતી નિશાબેન હીતેશભાઇ માણેકજી મોતા**

ધર્મનિષ્ઠ બંને પરિવારો દાતા બની અમારા કાર્યને સફળ બનાવવા ઉત્સાહપ્રેરકજોમ પુરૂં પાડ્યું છે. બંને દાતાશ્રી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના તેમજ ભવિષ્યમાં તેમના દ્વારા સાથ-સહકાર મળતો જ રહે એવી ઈશ્વરને પ્રાર્થના.

પ્રમુખશ્રી

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

# On 7th Death Anniversary



*Dad...*

*Your life was a blessing*

*your memory a treasure...*

*You are loved beyond words*

*and missed beyond*

*measure...*

**Death : Date 27/07/2012**

**Sandhavratna**
**Sheth Shri Mulji Raghavji Lodaya**

## Fondly remembered by



| | | |
|---|---|---|
| Wife | : | Kanta Mulji lodaya |
| Daughters | : | Jayshree Kantilal Dand |
| | | Asha Naresh Shoney |
| | | Manisha Bakul Patil |
| Grand children | : | Dinesh - Meetu, |
| | | Amit- Dharini, Pooja, Nirmeet, Viha |

&

**MRL GROUP OF COMPANIES ALL STAFF**

# अनंत

## स्मृतियो का एक वर्ष

विनय धरमशी



निर्मला
पंकज-हीना.
संजय-उमा.
पारुल- राजेन्द्र.
निशान्त, जय, विरल...
उज्जैनछ

छाँव तले तब भी थे,
छाँव में ही आज हैं...
तब आप स्वयं हाथ थामे थे,
आज राह दिखाते आपके विचार हैं...

# ખોના તથા દાણી પરિવારનું ગૌરવ



C.A. ઝીલ ખોના

## અંતરના અભિનંદન

અમારી લાડલી **ચિ. ઝીલ** પ્રથમ પ્રયત્ને જ C.A. ની પ્રતિષ્ઠિત પરીક્ષામાં ઉર્તીણ થઈને અમારા પરિવારનું ગૌરવ વધાર્યું તે બદલ **ચિ. ઝીલ** ને અમારા હાર્દિક અભિનંદન.

## શુભાશિષ



**ચિ. ઝીલ** જિંદગીમાં સદાય સફળતા અને યશસ્વિતા પ્રાપ્ત કરી ઉત્તરોત્તર સિધ્ધીના શીખરો સર કરે એવા અમારા સૌના અંતરના શુભાશિષ.

**-: શુભેચ્છક :-**

દાદાણા : **માતુશ્રી જયાબેન નવીનચંદ્ર લખમશી ખોના પરિવાર** (વાંકુ – મુલુંડ)
નાનાણા : **માતુશ્રી હંસાબેન દિનકરરાય ચંપકલાલ દાણી પરિવાર** (સાવરકુંડલા – કલ્યાણ)
માતા-પિતા : **સૌ. મીતા જયેશ નવીનચંદ્ર ખોના પરિવાર** (વાંકુ – મુલુંડ)
બહેન-બનેવી : **સૌ. પૂજા વિક્રમ ઉત્તમભાઈ ગીતે પરિવાર** (સંગમનેર – મુલુંડ)

**ZEEL - WE ARE PROUD OF YOU.**

# છેડા અને ખોના પરિવારનું ગૌરવ



ચિ. ધ્રુવલ છેડા
B.E. (Computer Science)

## અંતરના અભિનંદન

**ચિ. ધ્રુવલ** B.E. (Computer Science)ની પરીક્ષામાં ઉર્તીણ થઈ સ્નાતક થયો તે માટે ખૂબ ખૂબ અભિનંદન.

## શુભાશિષ



**ચિ. ધ્રુવલ** હજી પણ ઉચ્ચ અભ્યાસ કરી સિધ્ધીના સોપાનો સર કરે તથા ઉત્તરોત્તર સારી પ્રગતિ કરે એવા અંતરના શુભાશિષ.

**-: શુભેચ્છક :-**

દાદાણા : **માતુશ્રી વનિતાબેન સુરેશચંદ્ર દામજી છેડા પરિવાર** (સુથરી – મુલુંડ)
નાનાણા : **માતુશ્રી જયાબેન નવીનચંદ્ર લખમશી ખોના પરિવાર** (વાંકુ – મુલુંડ)
માતા-પિતા : **સૌ. નીપા પરેશ સુરેશચંદ્ર છેડા પરિવાર** (સુથરી – મુલુંડ)
કાકી-કાકા : **સૌ. વિજલ ઉમેશ સુરેશચંદ્ર છેડા પરિવાર** (સુથરી – મુલુંડ)
ફોઈ-ફૂઆ : **પારૂલ વિપુલ નવીનચંદ મોમાયા** (વરાડીયા – મુલુંડ)
ભાઈઓ : **ચિ. પ્રણવ તથા ચિ. દેવાંગ**

**ધ્રુવલ - ધ્રુવ તારાની જેમ અટલ અને અવ્વલ**

## ‘પ્રકાશ-સમીક્ષા’નો પાક્ષિક પ્રવેશ

નવ નવ દાયકાથી જ્ઞાતિની સર્વદિશીય ગતિવિધિઓ પર વેધક પ્રકાશ પાડતું અને નિષ્પક્ષ-નીડરપણે સત્વશીલ સમીક્ષા કરતું આ સામાયિક હવે પાક્ષિક બની રહ્યું છે તે વેળા, આ પત્રના પૂર્વસૂરી તંત્રીઓ અને સમિતિના સભ્યોએ પત્રકારિત્વના પાયાના સિધ્ધાંતોનું અનુસરણ કરીને આ પ્રકાશનના પ્રવાસને વણથંભ્યો ગતિમાન રાખવાની જે નીતિ સાતત્યપૂર્વક બરકરાર રાખી છે તેનો અત્રે પુનરોચ્ચાર કરીએ છીએ.

સર્વગ્રાહી વિચારણા કર્યા પછી, વર્તમાન સંજોગોને અનુલક્ષીને પત્રને સાપ્તાહિકમાંથી પાક્ષિકમાં રૂપાંતર કરવાનું અમને સમયોચિત લાગ્યું છે. અલબત્ત, જ્યારે જ્યારે આવશ્યકતા જણાશે ત્યારે ત્યારે બે અંકો વચ્ચેના ગાળામાં વધારાના અંકો પણ અમે પ્રકાશિત કરતા રહીશું

આખરે તો, છેલ્લા નવ દાયકાથી આ પત્ર જ્ઞાતિનું જ છે અને જ્ઞાતિ માટે તેમજ જ્ઞાતિ દ્વારા જ પ્રગટ થતું રહ્યું છે તેવો આ પત્રની સતત પંચાવન વર્ષ લગી ધુરા સંભાળનારા તંત્રી મહર્ષિ સનત્ ભાઈએ અનેક સહ વ્યક્ત કરેલો વિશ્વાસ આપ સૌના સૌજન્ય – સહકારથી ઉત્તરોત્તર દઢતર બનતો રહેશે જ તેવી અમને પૂરેપૂરી શ્રધ્ધા છે.

**– પ્રકાશ સમીક્ષા સમિતિ**

## દિપાવલી સંવત ૧૯૮૧ – ઑક્ટોબર ૧૯૨૫માં પ્રકાશિત ‘‘પ્રકાશ’’ના પ્રથમ અંકનું મુખપૃષ્ઠ તથા નિવેદનનો એક અંશ




‘‘દિપાવલીના શુભ દિને પ્રકટ થતું ‘‘પ્રકાશ’’ સમાજ હિતને લગતાં લેખો, કાવ્યો, ચિત્રો અને મૂખ્ય પણ સત્ય બનાવો રજુ કરશે, તેના પર નિષ્પક્ષપાતપણે પોતાનો અભિપ્રાય દર્શાવશે અને યોગ્ય લાગશે તો પોતાના અધીન મત પ્રમાણે માર્ગ ભૂલેલાઓને સૂચના પણ કરશે.’’



કચ્છી દશા ઓશવાળ

સમીક્ષા

શુભેચ્છા 卐 સ્વાગત 卐 સંદેશ

## તા. ૫ ફેબ્રુઆરી ૧૯૫૨ના પ્રકાશિત ''સમીક્ષા''ના પ્રથમ અંકનું મુખપૃષ્ઠ તથા તંત્રી લેખનો એક અંશ

.... ''સમીક્ષા'' દ્વારા નિડર, સ્પષ્ટ, પ્રેરક અને દર્શક વિચારોની રજૂઆત જ નહીં પણ એને અનુરૂપ સાંસ્કારિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવાનો પણ આ પત્રના અનેકવિધ ઉદેશોમાંનો એક આશય છે. આમ ''સમીક્ષા'' એ માત્ર પત્ર જ નહીં પણ લોકસંપર્ક કેળવતી જીવતી જાગતી સંસ્થા બની રહેશે.

## ''પ્રકાશ'' અને ''સમીક્ષા''ના સંગમ સ્વરૂપે સપ્ટેમ્બર ૧૯૫૫માં પ્રકાશિત ''પ્રકાશ સમીક્ષા''ના પ્રથમ અંકનું મુખપૃષ્ઠ તથા તંત્રી લેખનો એક અંશ

''આ સમાજનું પત્ર છે અને સામાજીક સંસ્થાઓની પ્રગતિ અને પ્રવૃત્તિઓથી જ્ઞાતિ માહિતગાર રહે એ સંસ્થા અને જ્ઞાતિ બન્ને માટે લાભદાયી છે. એથી જ્ઞાતિને સંસ્થામાં રસ રહેશે અને આમ આ પત્ર એ જ્ઞાતિ અને સંસ્થાઓ વચ્ચે પ્રાણવાહિનીની ગરજ સારશે.''



કચ્છી દશા ઓશવાળ

પ્રકાશ સમીક્ષા

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**અંક નં. 1 / 5-8-2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

પ્રકાશ-સમીક્ષા (પાક્ષિક)ના આ પ્રથમ અંક ૫ ઑગસ્ટના પ્રકાશિત થયો છે. હવે પછીનો અંક ૨૦ ઑગસ્ટનો પ્રકાશિત થશે. આ રીતે તે દર મહીને ૫ અને ૨૦ તારીખે પ્રકાશન થશે જે માટેની જાહેરાતો તથા અન્ય લેખન સામગ્રી અમને અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મળી જાય તે રીતે મોકલી સહકાર આપવા વિનંતિ.

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સમીપે**

## સંમેલન પહેલાં સમસ્ત મહાજને મુંબઈ સહિત સર્વ સ્થાનિક અને વતનનાં મહાજનો દ્વારા તેમના જ્ઞાતિજનોની વિવિધ માહિતીઓ સંકલિત કરાવવી જોઈએ.

સમસ્ત મહાજન આપણી કેન્દ્રવર્તી સંસ્થા છે તેમાં જ્ઞાતિના ૧૧૦ જેટલા મહાજનોનું સમુચિત પ્રતિનિધિત્વ થાય. અને તેમની પ્રવૃત્તિઓ- યોજનાઓ અંગે અરસપરસ માહિતીઓના આદાન-પ્રદાનની પ્રક્રિયા થાય તેમજ શક્યતઃ બીજી વાર કે પુનઃ પ્રવૃત્તિને ટાળીને જ્ઞાતિના આર્થિક સ્ત્રોતોનું સુચારૂ સંકલન થાય તેની પાયાની જવાબદારી તેના ટ્રસ્ટીઓએ નિભાવવાની છે. હકીકતમાં તેના બંધારણના ઉદ્દેશ્યોમાં આ પ્રકારનું ઉત્તરદાયિત્વ અને આદેશ નિર્દિષ્ટ થયેલા જ છે.

આગામી ડિસેમ્બરમાં ચતુર્થ જ્ઞાતિ સંમેલન યોજવા બાબતે પૂર્વ તૈયારીઓની ચરમ સીમાએ પહોંચવા હજી એકાદ મહીનાનો સમય જશે તે દરમ્યાન અને કદાચ તે પછી પણ સંમેલનના એકાદ માસ પહેલાં સુધી ગત જુલાઈમાં જે દરેક સમિતિઓ - નારી સશક્તિકરણ,ખરડા, વિષય વિચારણા, યુવાશક્તિ, મેડીકલ, એડવાઈઝરી જેવી સમિતિઓ નીમાઈ છે તેમના સદસ્યોની સભાઓ મળી રહી છે અને મળતી રહેશે, જેથી સંમેલન વખતે એક માળખાકીય ભૂમિકા રચાઈ શકે.

અલબત્ત, ટ્રસ્ટીઓએ જ્ઞાતિ વસવાટના જુદા જુદા વિસ્તાર-પ્રદેશ-મહાજનો અને જ્ઞાતિજનો સાથે હજી સુધી જ્યાં જ્યાં સંપર્ક સભાઓ યોજી છે તે વખતે ત્યાંના ખાસ કરીને મુખ્ય પદાધિકારીઓ ને કાર્યકર્તાઓ સાથે જે ઘનિષ્ઠતા કેળવાઈ હતી તે કેટલાક મહાજનોના સંદર્ભે ઉપરોક્ત દરેક સમિતિઓના ગઠન થયા પછી, થોડી મોળી પડી હોય તેવું ચિત્ર ઊભરી રહ્યું છે તે એક ચિંતાનો વિષય છે.

આને લીધે ટ્રસ્ટીઓ અને ખાસ કરીને સેક્રેટરી જનરલ અને મેનેજીંગ ટ્રસ્ટીઓએ આ પરિસ્થિતિને પૂર્વવત સક્રિય સંપર્કતામાં રૂપાંતરીત કરવા ઉપયુક્ત જહેમત લેવી પડશે તે વિષે બેમત ન હોઈ શકે.

આમ છતાં, આ સંપર્ક સેતુ સારી રીતે જળવાઈ રહે તે હેતુ સાધવા માટે પ્રયત્નશીલ થવાની બાબતની અગત્યતાને વિસારે પાડ્યા વિના, ટ્રસ્ટીઓએ એનાથી પણ વધારે જે અધિક મહત્વના હેતુસર આ સર્વ સ્થાનિક મહાજનોના પદાધિકારીઓનો સહકાર મેળવવા પ્રવૃત્ત થવું પડશે. પંરત્વે તમામ સંબંધિતોનું લક્ષ્ય ખેંચાય તેનો નિર્દેશ કરવો પણ હવે પ્રસ્તુત બન્યો છે.

આ વિશેષ મહત્વનો ઉદ્દેશ્ય અને વિષય એ છે કે સંમેલન પૂર્વે વિષય વિચારણા સમિતિ કે ખરડા સમિતિના સભ્યોની બેઠકો મળે તે માટે અર્થપૂર્ણ વિચાર-વિમર્શ કરવા અને સુયોગ્ય નિષ્કર્ષ પર આવવા માટે જ્ઞાતિના સર્વ સામાન્ય સામાજિક પૃષ્ઠભૂમિની વિગતવાર વાસ્તવિક માહિતીઓ - આંકડાઓ અને સર્વાંગી ડેટા બેઝ જે સર્વાધિક જરૂરી છે તે હજી સુધી સમસ્ત મહાજન પાસે નથી તેનું વેળાસર ઉપલબ્ધ થવું કે બનવું જરૂરી છે.

અત્યાર સુધી, સમસ્ત મહાજનના ભૂતપૂર્વ અને વર્તમાન ટ્રસ્ટીઓએ અન્ય જે પણ પ્રવૃત્તિઓ કરી છે તેમાં આ મૂળભૂત અને સૌથી વિશેષ અગત્યની કાર્યસૂચિને અગ્રતાક્રમ અપાયો નથી તે હકીકત પર કોઈ પિષ્ટપિંજણ કરવાનો અર્થ નથી તેમ સ્વીકારીને હવે આ સંદર્ભે જરૂરી પગલાં લેવાય તે માટે હજી પણ મોડું થયું નથી તેટલું કહીએ તો તે

પર્યાપ્ત થશે.

એટલે જ, સમસ્ત મહાજનના સંચાલકોએ, આ સર્વ સ્થાનિક અને વતનનાં ગામોનાં મહાજનોને, તેમના જ્ઞાતિજનોની સર્વપ્રકારી વિવિધ વિશિષ્ટ પરિમાણોને સ્પર્શતી માહિતીઓ (ચીલા ચાલુ - રાબેતા મુજબની નહીં) એકત્ર કરવાના હેતુસર પ્રવૃત થવા આગ્રહભર્યો અનુરોધ કરવો પડશે. આમ થશે તો જ અર્થપૂર્ણ સંમેલન યોજવા નક્કર પગલું લેવાયું છે એમ કહી શકાશે.

આ દિશામાં દરેકે દરેક જ્ઞાતિ કુટુંબની આર્થિક પરિસ્થિતિ, બાળકો - કિશોરો - યુવકો કયા શિક્ષણ સ્ટ્રીમ - ફેકલ્ટીમાં અભ્યાસ કરી રહ્યા છે, તેમના ગત વર્ષના વિગતવાર પરિણામો, તેમનાં શિક્ષકો-અધ્યાપકો દ્વારા તેમની શૈક્ષણિક વર્ષ દરમ્યાનના અભ્યાસ, રસ શોખ, ખેલકુદ જેવી ઈતર પ્રવૃત્તિઓમાં રૂચિ, પ્રતિયોગિતા પારિતોષિક, વિશિષ્ટ ઉપલબ્ધિ, વ્યક્તિત્વતાં ગુણદોષ, ઈત્યાદિ વિષયે સમાલોચના રિપોર્ટ કાર્ડની વિગતો, તેમને વિશેષ કોચીંગ-માર્ગદર્શન કે તેમના કૌશલ્ય-બુધ્ધિ પ્રતિભાને પ્રોત્સાહિત કરવા આર્થિક સહાયની આવશ્યકતા હોય તો તેની વિગતો, તેમના કુટુંબીજનોની સ્વાસ્થ્ય-આરોગ્ય કે ગંભીર માંદગી નિવારણ માટે આર્થિક સહાયની જરૂરિયાત સંબંધી (પરોક્ષપણે મેળવેલ) જાણકારી-માહિતી, તેમના વર્તમાન વસવાટ-રહેણાકોની વિકટ પરિસ્થિતી કે તેમને સુઘડ-સ્વચ્છ વિસ્તારોમાં સ્થાનાંતર કરવાની આવશ્યકતા, ઈત્યાદિ અન્ય પાસાંઓને આવરી લેતી માહિતીઓનું પધ્ધતિસરનું સંકલન કરી તેના સમાપન રૂપે વર્ગીકરણ દ્વારા જરૂરતમંદ કુટુંબો અને વ્યક્તિઓની સંખ્યા તેમજ આવશ્યક ફંડની વિગતો તારવી તે અંગે મહાજનોને સુચિત કરવા જોઈએ.

હકીકતમાં તો, આ પ્રકારની વિશિષ્ટલક્ષી માહિતીઓનું સંકલન કરવાની અને તેને વખતોવખત સુધારા-વધારા સાથે અપડેટ રાખવાની જવાબદારી દરેક સ્થાનિક અને વતનનાં ગામનાં મહાજનની છે. કોઈ પણ મહાજનનાં પદની શોભા અને ગૌરવ ત્યારે જ સાર્થક બને જ્યારે પોતાના તમામેતમામ સભાસદની અને તેના કુટુંબીજનો આર્થિક, શૈક્ષણિક, સ્વાસ્થયવિષયક જાણકારી-માહિતી, પ્રત્યક્ષ કરતાં પણ પરોક્ષ રીતે મેળવવાની સાતત્યપૂર્વકની સભાનતા અને કાળજી રાખવાની પ્રતિબધ્ધતા સંબંધિત સંચાલકોમાં દષ્ટિગોચર થતી હોય.

એ દષ્ટિકોણથી પણ, સમસ્ત મહાજને તેના સહયોગી અને સંલગ્ન મહાજનોને આવી વિગતવાર માહિતીઓનું સંકલન કરવાના ચક્રો બનતી ત્વરાએ ગતિમાન કરી સપ્ટેમ્બર પહેલાં તેને પૂર્ણ કરવા અનુરોધ કરવો જોઈએ. આ માટે, સમસ્ત મહાજનની વિષય વિચારણા સમિતિ કે ખરડા સમિતિ... તેવી માહિતીઓના પત્રકનો મુસદો તૈયાર કરવા માટે સત્વરતા દાખવશે તેવી અપેક્ષા વધુ પડતી નથી જ. બીજી બાજુ, દરેક મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો પણ સાથે બેસીને પોતપોતાની રીતે આવા પત્રકો બનાવી શકે છે. આમાં જન્મતારીખ કે લગ્નતારીખ જેવી માહિતી કે વિગતોની અત્યારે બહુ આવશ્યકતા નથી. તે સિવાયની મોટા ભાગની વિગતો તો વ્યવસ્થાપક સમિતિના સભ્યો કે ટ્રસ્ટીઓ પોતાની સભામાં એકબીજાની જાણકારીને આધારે પણ જણાવી શકે તેવી હોય છે, તે માટે સભ્યોની રૂબરૂ મુલાકાત લેવાની જરૂરત નથી હોતી અને શૈક્ષણિક કક્ષા, ફેકલ્ટી કે સ્ટ્રીમ જેવી વિગતો તો પ્રત્યક્ષ મુલાકાતને બદલે આધુનિક સંદેશ-સંપર્કના વિજાણુ માધ્યમના ઉપયોગથી વિના વિલંબે પ્રાપ્ત કરી શકાય. એટલે આ પત્રકો દરેક કુટુંબને મોકલવા કે તેઓ એની વિગતો ભરી આપે તેવી પ્રણાલિકાગત વિધિઓનો પૂર્ણતઃ છેદ ઉડાડીને આવશ્યક કાર્યવાહી કરવાનો સંબંધિત ટ્રસ્ટીઓ કે પદાધિકારીઓ નિર્ધાર કરશે તો આ સંકલનને સમયસર ઉપલબ્ધ કરવાનું અશક્ય નથી.

આશા રાખીએ કે, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ આ કાર્યની જવાબદારીની અરસપરસ વહેંચણી કરીને, સ્થાનિક અને વતનનાં ગામોનાં મહાજનો દ્વારા આવી માહિતીઓ - વિગતોનું દોઢ-બે માસમાં સંકલન પૂરૂં થાય તે માટે સંનિષ્ઠ પ્રયત્નો કરશે. આમ થશે તો જ, સંમેલનમાં પરિપક્વ અભ્યાસ કરીને તૈયાર થયેલા ખરડાઓ રજુ કરી શકાશે અને તે પર વસ્તુલક્ષી વિચાર-વિમર્શ થઈ શકશે.

- રા.

## આજના કાળમાં પણ જયણા ધર્મનું અનુમોદનીય પાલન
## શ્રી રિતેશ માણેકજી મોતા પરિવારનું લગ્ન પ્રસંગે નિમિત્તે સ્તુત્ય આયોજન

**લગ્નનું જમણ અને જયણા !**

મહેમાનોને જમાડવામાં ઘણાને હવે પહેલાની જેમ હરખ રહ્યો નથી. એક વ્યવહાર બની ગયો છે. એટલે ભોજન સંબંધી કરવી પડતી વ્યવસ્થા કડાકૂટ લાગે છે. જમવામાં ચટાકા વધી ગયા, ખોરાક વધી ગયો... દેખાદેખી વધી ગઈ... હૈયાનો ઉમળકો ઘટતો ગયો. પૌષ્ટિકતા પરથી ધ્યાન ગયું, સ્વાદિષ્ટતા પર કેન્દ્રીત થયું. ભોજનની ગુણવત્તા ઘટી, બહારનો દેખાવ વધતો ગયો. એમાંય જૈનોથી 'આ ખવાય' અને 'આ ન ખવાય' એવી સમજણ અને રુચિ દૂર થઈ.

લગ્ન પ્રસંગમાં અને એમાં પણ શ્રીમંત પરિવારના લગ્નના જમણવારમાં જૈનત્વની છાંટ પણ જોવી હોય તો દીવો લઈને શોધવા નીકળવું પડે.

શ્રીમંત પરિવાર યાને શ્રી હિતેશભાઈ માણેકજી મોતા અને શ્રી કેતનભાઈ હેક્કડ પરિવારને ત્યાં થયેલ લગ્ન નિમિત્તે રાખેલ જમણવારમાં જે કાળજી લેવામાં આવી તેની વાત કરવી છે. મહેમાનોની સંખ્યા ખૂબ મોટી હતી. તો સગાની સાથે સાથે વહાલા સાધર્મિકોની સંખ્યા પણ મસમોટી હતી.

**એમણે હૃદયંગમ કર્યું હતું કે,**

સાહમી તણા સગપણ સમું, અવર ન સગપણ કોય,
ભક્તિ કરો સાહમી તણી, સમકિત નિર્મલ હોય.

પણ પરિવારના મનમાં મોટી મુંઝવણ હતી. મારે આંગણે, મારા આમંત્રણથી આવેલા મારા સાધર્મિક બંધુ અને ભગિનીઓને કેવી રીતે જમાડવા? વિદેશી બુફે પદ્ધતિથી કે સુખાસને બેસાડીને ભારતીય પદ્ધતિથી.

બુફેની વ્યવસ્થામાં તો ભીડના સમયે ડીશ પકડીને લાઈનમાં ઊભા રહેવાનું ફરતા ફરતા ભોજન જાતે લેવાનું. એક હાથે થાળી પકડીને બીજા હાથે ઊભા ઊભા ખાવાનું. ઘટે એટલે પાછા લેવા જવાનું. જમાડવાવાળા એક જગ્યાએ ઉભા રહે અને મહમાનોએ જમવાનું લેવા માટે ફરતા રહેવાનું. આવી દયનીય પરિસ્થિતિમાં આપણા મહેમાનોને કેવી રીતે મૂકી શકાય?

**ફેશનના નામે પૈસા ખર્ચીને મૂરખ બનવાનું?**

ગાડરીયા પ્રવાહમાં તણાઈ જવાનું? પરિવારનું મન માન્યું નહિ. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે થતી મહેમાનોની સરભરા તો વિદેશમાં પણ વખણાય છે. આંગણે આવેલા મહેમાનોને ગાદીએ બેસાડી, બાજોઠ ઢાળી, પગે ઢીંચણયું આપી, કાંસાના ભાણામાં પ્રેમપૂર્વક રસવતી પીરસવી. વીંઝણો વિંઝી આગ્રહ કરી કરી ભાવતા ભોજન જમાડવા એ આપણી ભારતીય પ્રણાલિકા હતી. ઊભા ઊભા જમવાની રીત મનુષ્યના ભવમાં ઓછી જોવા મળે.

**જગ્યા તો મોટી મળી ગઈ**

પણ ખાટલે મોટી ખોટ એ હતી કે લગ્નના હૉલમાં મોટા કેટરર્સની મોનોપોલી હતી. બુફે કરતાં પણ આજની કેટરિંગ પદ્ધતિમાં ધાર્મિક નુકશાન ઘણું વધારે છે. બેસાડીને જમાડવામાં દિલ મોટું જોઈએ અને જગ્યા પણ મોટી જોઈએ. પણ આ તો સુશ્રાવિકા સૌ નિશાબેન જૈન શાસનથી ઓતપ્રોત થયેલાં શ્રાવિકા હતા. ચિ. જયકુમારની સાચી માતા હતા... તેમને દીકરાના ફક્ત આ ભવની નહિ, પણ અનંત ભવિષ્યની ચિંતા હતી.

અમારે ત્યાં આવેલો જીવ મોહના બંધનમાં ફસાઈને મનુષ્યભવ હારી ન જાય એવી અંતરની તમન્ના હતી. દીકરો સાચા સુખના માર્ગે જાય અને અમને બધાને પણ લેતો જાય એવા સપનાં તેમણે જોયા હતા. ખરા દિલથી પ્રયત્નો પણ કર્યા હતા... દીકરાએ પણ મહેનત કરી. સાચા સત્સંગમાં સમય પણ વિતાવ્યો... અલબત્ત સફળતા ન મળી.

**ઘરમાં લગ્નનો પ્રસંગ આવ્યો...**

તિજોરીની ચાવી જેમ જેને તેને સોંપાય નહીં તેમ જયણાદેવીની સરભરા કેટરર્સના ભરોસે સોંપાય નહીં. આવું પરિવારનું માનવું હતું. લોક લહેરમાં તણાવું ન હતું. મુંબઈના ખૂબ મોટા ગજાના કેટરર્સને મોઢે કહી દીધું.

''રસોઈ બનાવવાની તમામ સામગ્રી અમે લાવીને આપીશું.''

રસોઈ તમારે કરવાની પણ જયણા વિભાગના સૂચન પ્રમાણે.

ધાર્મિક પ્રસંગના મોટા મોટા રસોડામાં યથાશક્ય જયણા સાચવવા માટે ડીસાના વતની સુશ્રાવક શ્રી રમેશભાઈ મોદી વરસોથી પ્રયત્નશીલ છે. જયણા વિભાગ સાચવવા એમને વિનંતી કરવામાં આવી. કોઈના પણ લગ્ન પ્રસંગની અનુમોદના'ના નિમિત્ત બનવાનું ટાળતા શ્રી રમેશભાઈએ બંને પક્ષની ભાવના જોઈ લાભાલાભ જોતાં આ જવાબદારી સ્વીકારી. હર્ષવદનભાઈ, મહેશભાઈ, મુકેશભાઈ વગેરેનો સાથ મળ્યો...

**સીધું સામાનનું લિસ્ટ કેટરર્સ તરફથી આપવામાં આવ્યું.**

જયણા વિભાગમાંથી ઘણી વસ્તુ નકારવામાં આવી. શરૂઆતમાં જ વાંધો પડ્યો... રકઝક થઈ...મિટિંગ બોલાવવી પડી... અમુક વસ્તુ ઉમેર્યા વગર વાનગી ચટાકેદાર બને નહીં, મુલાયમ બને નહિં, આકર્ષક બને નહિં એવો એમનો મત હતો. એમને પણ Prestige નો સવાલ હતો.

**કેટરર્સ પોતાની રજૂઆતમાં મક્કમ હતા.**

નિર્ણય હિતેશભાઈ-કેતનભાઈએ કરવાનો હતો. ઘરમાં પ્રસંગ નજીક આવી ગયો હોય, બીજા પણ મૂંઝવતા ઘણા પ્રશ્નો હોય, કાંઈક વાંકુ પડે અને કેટરર્સ હાથ ઊંચા કરી લે તો આખો પ્રસંગ ડહોળાઈ જાય.

**અને હિતેશભાઈ-કેતનભાઈએ કહી દીધુઃ**

એક પણ અભક્ષ્ય વસ્તુ વપરાશે નહીં. આરોગ્યને હાનિકારક એવી વસ્તુનો ઉપયોગ કરાશે નહિ. મેનુ બદલવું પડે તો વાંધો નહિ. લોકોની નજરે અમારું જમવાનું ફેલ જાય તો પણ વાંધો નહીં. આમાં કોઈ છૂટછાટ લેવી નથી.

વીનેગર, લીંબુના ફૂલ, આરા લોટ, ઈનો, પીઝાના રેડીમેડ રોટલા, તૈયાર લોટ, તૈયાર મસાલા, ખસખસ, બહારનો રવો, મેંદો, તૈયાર માવો અને તૈયાર પનીર, લિજ્જતના પાપડ, કલર એસેન્સ વગેરે ઘણી બધી આઈટમો કેન્સલ કરવામાં આવી. અનાજ ગોળદેવળથી લીધું. દેખરેખથી ચળાવ્યું, વીણાવ્યું અને પછી સામે જ દળાવ્યું. મસાલા સાફ કરી મિલનમાં જ દળાવ્યા... દહીં B.K.C. ચૌવિચાર હાઉસથી ગરમ થઈને આવ્યું. ઝીણો લોટ દળી, તપેલા પર પાતળું મલમલ બાંધી લોટને ઘસી મેંદો તૈયાર કરાયો. ચૌવિચાર હાઉસની આખી ટીમ કામે લગાડી. કલરની જગ્યાએ ભારે કાશ્મીરી કેસર વાપરવામાં આવ્યું.

કેરીનો રસ સામે કાઢાવ્યો. કેરીનો રસ ઉતરી જાય એવી કેટરર્સની સૂચના હોવા છતાં અભક્ષ્ય બરફનો વિચાર ન કર્યો... ફાગણ ચોમાસી પહેલાં બનાવેલી ડ્રાયફ્રુટની મિઠાઈ ચાલે પણ કોઈ ખોટો ચિલો ન પડે માટે ડ્રાયફ્રુટની મિઠાઈ કેન્સલ કરી. ગોરેગામમાં ઊભા રહીને પનીર બનાવરાવ્યું. પાપડ-ખાખરા ડીસાથી મંગાવ્યા. ઉકાળેલું પાણી B.K.C. થી આવ્યું.

રસોડાના બધા નળને જાડા ગરણા બાંધવામાં આવ્યા.. ઉજાસ થતાં ચૂલા પૂંજી રસોઈ ચાલુ કરવામાં આવી. પ્લાસ્ટિકની થેલીના વાસી દૂધને બદલે તાજું દૂધ મંગાવવામાં આવ્યું.

રાત્રિભોજનના મહાપાપથી બચવા લગ્ન પ્રસંગ દિવસે જ રખાયો. રિસેપ્શન પણ નહિ. સંગીત સંધ્યાના નામે બહેનોનું નાચવા-ગાવાનું તો વિચારી પણ ન શકાય.

મોટી ચિંતા હતી કાચા પાણીની એમાં'ય પાછી ગરમીની ઋતુ.

બરફના પાણી વગર તો ચાલે જ નહિ, આ બધી રજૂઆત હોવા છતાં પણ જરાય નમતું જોખ્યું નહીં. રાજસ્થાનના મોકલસર ગામના વિશિષ્ટ સફેદ માટીવાળા ૧૨૫ મોટા માટલા મંગાવ્યા.. માટલામાં પાણી ભરી સવારે ગાળીને રસોઈમાં પાણી વાપર્યું. અને મહેમાનોને માટલાનું ઠંડુ પાણી પીરસાયું. પાણી એટલું ઠંડુ થયું હતું કે ચોખવટ કરવી પડે કે બરફ વાપર્યો નથી.

કેટરર્સની આવી સૂચના પછી પણ મૂંઝાયા નહિ.

જ્યાં જ્યાં શક્ય બન્યું ત્યાં કચાશ રાખી નહિ.

આટલું કર્યા પછી પણ જે ન થઈ શક્યું એનો ખૂબ વસવસો મનમાં રહી ગયો. ભવિષ્યમાં કેટરિંગ પદ્ધતિથી પણ બચવાનો અને કલ્યાણમિત્રોને બચાવવાનો નિર્ધાર પરિવારે કરી લીધો. લગ્નના દિવસે હિતેશભાઈના કલ્યાણમિત્ર વિલેપાર્લેના ટીકુભાઈ પણ વહેલી સવારથી જયણા અભિયાનમાં જોડાયા.

એમણે પણ એ જ દિવસે વેવાઈને વાત કરી નજીકમાં આવી રહેલા એમના લગ્નના પ્રસંગમાં બુફે અને કેટરિંગ વગર જમણવાર કરવાનો નિર્ણય કરી લીધો... ધાર્મિક પ્રસંગોમાં પણ ધંધાદારી એજન્સીઓના પ્રવેશથી, પ્રોફેશનલ માણસોની ગુલામીથી પારાવાર નુકશાન જૈન સંઘ અનુભવી રહ્યો છે.

અનુષ્ઠાનોમાં બાહ્ય ભાવોનો કુગાવો અનુષ્ઠાનોમાં હાર્દ સુધી પહોંચવા દેતો નથી. એવા સમયમાં સંસારના સૌથી મોટા પ્રસંગમાં પણ સામે પુરે ચાલીને જેટલા અંશે ધર્મ સાચવવાની ગોઠવણ કરી, એ અનુમોદનીય છે, અનુકરણીય છે.

આવા પડતા કાળમાં શ્રી મોતા પરિવાર અને શ્રી હક્કડ પરિવાર દ્વારા જયણા ધર્મનું પાલન કરવાનો જે યથાશક્ય પ્રયાસ થયો અને એના કારણે જે આદર્શ ઊભો થયો તેની અંતરથી અનુમોદના.

**ગુલાબચંદ ધારસી રાંભિયા**, અમદાવાદ

'ગુણભારતી'માંથી સાભાર


## સોનલ આર્ટ

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.**

**શાંતીભાઈ - 9967841792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.


### લગ્નસંબંધી

અમદાવાદ સ્થિત **B.Com ગ્રેજ્યુએટ** કુંવારી કન્યા Born 1987, Height 5'.3" માટે સંસ્કારી અને સુશિક્ષિત કુંવારા યુવકોનાં વડીલો-મુંબઇ સિવાયનાં બહારગામ, દેશાવરના સંપર્ક કરો. મો.: **95121 21839 / 94283 54409**

## એક મૌન સાધકનો સંસાર...

# વીરચંદ કલ્યાણજી ધરમશી, ૮૩, નવી મુંબઈ



*(વિશ્વ સ્તરના ઈતિહાસ, સંસ્કૃતિ, સંશોધન, સિનેમા, કથા અને આનુષંગિક ક્ષેત્રોના વિદ્વાનોમાં આપણી જ્ઞાતિના વીરચંદભાઈ અદકેરૂં આદરણીય સ્થળ ધરાવે છે.)*

એશિયાટિક લાઈબ્રેરીના રીડિંગ રૂમમાં અને રીસર્ચ ટેબલના ઘનઘોર એકાન્તમાં મેં એમને એકરસ જોયા છે. પુસ્તકો, જૂનાં છાપાઓ, અને દસ્તાવેજોથી ઘેરાયલા. ધૂની, એકાગ્ર, એમની આસપાસથી બેખબર. સવારે દસ વાગે લાઈબ્રેરી ખૂલવાનો સમયથી લઈને સાંજે સાત વાગે ઘંટી વાગે અને દરવાજાના બંધ થવા સુધી એમની પોતાની એક દુનિયા છે. એ દુનિયામાં સિનેમા, નાટક, કલામસાહિત્ય, સંસ્કૃતિ, દર્શન, ઈતિહાસ, પુરાતત્વ, એન્થોલોજી અને શહેરનો ઈતિહાસ બધું એક બીજામાં મળી ગયું છે. એમના લગભગ બધા જૂના મિત્રો હવે વિદાય લઈ ચૂક્યા છે. ૮૩ વર્ષની એમની ઉંમર થઈ ગઈ છે. શરીર થાકી ચૂક્યું છે, સ્વાસ્થ્ય પણ હવે સારૂં નથી રહેતું. પણ એમનો અભ્યાસ અને જિજ્ઞાસાઓને કોઈ આરામ નથી. એમનું નામ છે વીરચંદ ધરમશી. તેઓ એક મૌન કાર્યકર્તાની જેમ જોઈ પરીકથામાંથી નીકળીને આપણી વચ્ચે ચાલી આવ્યા છે.

નવી મુંબઈમાં નેરુલના પોતાના બે રૂમના એક સાધારણ આવાસ અને એમની છોટીસી ગૃહસ્થીથી નીકળીને તેઓ અકસર એક કલાકની લોકલ ટ્રેઈનની ભીડભાડ અને ધક્કામુક્કીને સહન કરતા સીએસટી સ્ટેશન આવે. સ્ટેશનથી એશિયાટિક લાઈબ્રેરી સુધી પગે ચાલીને આવે છે. પીઠમાં દુખાવો થાય છે પણ બેલ્ટ બાંધીને એમના કામમાં જોતરાઈ જાય છે. મેં એમને ફાઉન્ટન અને કાલબાદેવીની ફુટપાથો પર જૂની ચોપડીઓના વેચનારાઓને ત્યાં કોઈ દુર્લભ પુસ્તકની શોધમાં ભટકતા જોયા છે. ક્યારેક ઈતિહાસના કોઈ સેમિનારમાં ભાગ લેતા, ક્યારેક કોઈ સંસ્કૃતિ કેન્દ્ર કે સિનેમા સોસાયટી દ્વારા આયોજિત કોઈ ખાસ ફિલ્મ શોમાંથી બહાર નીકળતા. તેઓ એક ચાલતા ફરતા જ્ઞાનકોશ છે. ક્યારેક અમૃત ગંગર જેવા પ્રખ્યાત ફિલ્મ ઈતિહાસકાર સિનેમા પર એમના બૃહદ જ્ઞાનકોશનું સમ્પાદન કરતાં એમને સહલેખક બનાવે છે. તો આશિષ રાજાધ્યક્ષ અને પોલ વિલ્મેન દ્વારા સંપાદિત ‘એનસાઈક્લોપીડીયા ઓફ ઈન્ડિયન સિનેમા’માં આરંભિક ભારતીય મૂક સિનેમા પરની દુર્લભ સામગ્રીને મેળવવાનું કાર્ય એમને સોંપે છે. ક્યારેક તેઓ ૧૯મી સદીના પારસી થિયેટરના ઈતિહાસ પર કોઈને ઈન્ટરવ્યુ આપી રહ્યા હોય છે તો ક્યારેક પુરાતત્ત્વ વિશેષજ્ઞોની કોઈ આંતરરાષ્ટ્રીય મંડળીની સાથે કોઈ ખોજ અભિયાન પર નીકળ્યા હોય છે. ૧૯૮૦ થી ૧૯૯૪ સુધી તેઓ યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા, અમેરિકાની આર્કિયોલોજી ટીમના એક સદસ્ય તરીકે ભારત અને શ્રીલંકાના પ્રાચીન મંદિરોના સ્થાપત્યના અધ્યયન કાર્ય સાથે જોડાયેલા રહ્યા છે.

દિલચસ્પ વાત એ છે કે આટલી વિવિધતાપૂર્ણ બૌદ્ધિક ગતિવિધિઓ સાથે જોડાયેલા વીરચંદ ધરમશીભાઈએ હાઈસ્કૂલનો અભ્યાસ પણ પૂર્ણ નથી કર્યો. પિતા મસ્જિદબંદરમાં કાલી મીર્ચના જથ્થાબંધ વેપારી હતા. બીજા મહાયુદ્ધના અંતિમ દિવસોમાં સન-૪૪ માં મુંબઈના બંદર પર એક સ્ટીમરના ભયાનક બોમ્બ વિસ્ફોટ થયેલો એની અસર મસ્જિદ બંદર સુધી થયેલી. એ પછી ૧૯૪૬ના સાંપ્રદાયિક દંગામાં માંડવીના ટનટનપૂરા વિસ્તારમાં આવેલી એમની સ્કૂલને સળગાવી દેવામાં આવી હતી. મેટ્રિકની પહેલા જ એમણે અભ્યાસ છોડી દીધો કારણ કે સ્કૂલના અભ્યાસ અને એમના પોતાના અધ્યયનની વચ્ચે એમને એક દુવિધા અનુભવાતી હતી.

આ પછી આ સંસાર જ ધરમશીભાઈની પાઠશાળા બનવા લાગ્યો. બાળપણમાં જ પિતાની આંગળી પકડીને પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ જોવા જતા હતા,

સ્કૂલનો અભ્યાસ અધૂરો છૂટી ગયો હતો પણ એક ખાસ પ્રકારની આવારગી એમના જીવનનો હિસ્સો બની ગઈ હતી. હૃદયની મુક્તાવસ્થા અને જ્ઞાનનું ગહન અનુશાસન. કિશોરાવસ્થામાં એઓ અડધા આનાની અડધી ટિકિટ લઈને ટ્રામમાં પ્રિન્સેસ સ્ટ્રીટથી ઓપેરા હાઉસ સુધીના વિસ્તારમાં ભટકતા રહીને એમની દિલચસ્પ ચોપડીઓને શોધતા રહેતા. દક્ષિણ મુંબઈમાં ૧૯મી સદીનો પુરાણો ઈતિહાસ એમની સામે ખૂલી રહ્યો હતો. આ શહેરની ભૂગોળ, રસ્તાઓ એ ગલીઓ, જૂની ઈમારતો, ખૂણા-ખાંચાઓ, ઘણા બધા ભૂલાઈને વીસરાઈ ગયેલા ચરિત્રો અને તેના બધા પ્રસંગો લોહીની સાથે એમની ધમનીઓમાં વહેવા લાગ્યા. ખૂબ વાંચતા હતા. ૧૨ વર્ષની ઉંમરે રોમાં રોલાંની 'જ્યેં ક્રિસ્તોફ' વાંચી નાખી. ૧૩-૧૪ વર્ષની ઉંમરે તેઓ મોડે સુધી બેસવા લાગ્યા. જૂની પત્રિકાઓ, અખબાર, ક્લાસિક્સ, સંસ્કૃતિ અને દર્શનની ચોપડીઓ વાંચતા. રે રોડ, મઝગાંવ, પ્રભાદેવીના વિસ્તારોમાં વેરાયેલો જૂનો સમય એમને જાદુઈ લાગતો હતો. આ શહેર એની જીવંતતા અને તેના તમામ રહસ્યોની સાથે એમની અંદર ઊતરી રહ્યું હતું. તેઓ કોઈ ઔપચારિક અકાદમી સંસ્થાઓના મોહતાજ નહોતા.

ધરમશીભાઈના કેટલાય કિસ્સાઓ આજની કામકાજી દુનિયામાં અવિશ્વાસનીય લાગે. ૧૯૬૮ની આસપાસ વિખ્યાત ઈટાલિયન ફિલ્મ દિગ્દર્શક પિયર પાસોલિની મુંબઈમાં આવ્યા હતા અને તાજમહેલ હોટલમાં ઊતર્યા હતા. યુવાન ધરમશીભાઈ એમ જ એમને મળવા તરત તાજ હોટલ પહોંચી ગયા. અને એ બંને વચ્ચે થોડીક જ વારમાં ઔપચારિક બંધનો તૂટી ગયાં હતાં. સિનેમા, કવિતા, કલા, સંસ્કૃતિ, ઈતિહાસ, સ્થાનિકતા અને શહેરને લઈને કલાકો વાતચીત થતી રહી. ધરમશીભાઈને પાસોલિનીને લઈને અનેક સવાલો હતા. ઘણા બધા મુદ્દાઓ પર તેઓ પાસોલિની સાથે અંતરંગ વાત કરતા રહ્યા. પછીથી પ્રખ્યાત ફિલ્મકાર સત્યજિત રાય સાથે પણ એમની મિત્રતા એવી જ રીતે થઈ હતી. એમની બંને વચ્ચે અવારનવાર વાતચીત થતી રહેતી. મહત્ત્વપૂર્ણ એ છે કે બે વ્યક્તિઓની વચ્ચે આ પ્રકારના અદશ્ય ધાગાઓ હંમેશા મોજુદ હોય છે. અને આજ આ દુનિયાની ખૂબસૂરતી છે. એમાં કોઈ ફેર નથી પડતો કે



એક જણ શિખર પર હોય, અને બીજો લગભગ અજાણ્યો.



વીરચંદ ધરમશીએ વર્ષોના એમના અભ્યાસ, અનુસંધાન અને ફિલ્ડવર્ક પછી ૧૯મી સદીના ભારતીય પુરાતત્ત્વવેત્તા ભગવાનલાલ ઈન્દ્રજી પર એક અસાધારણ પુસ્તક લખ્યું. આ ઈતિહાસ અને પુરાતત્ત્વની શોધમાં તમામ ઝગમગતા સીતારાની વચ્ચે લગભગ અજાણ્યું અને ઉપેક્ષિત રહી ગયેલું એક દેશી મનીષીના જીવન અને એના અસાધારણ કાર્યની એક સંઘર્ષકથા છે. જૂનાગઢમાં ૧૮૩૯માં જન્મેલા ભગવાનલાલ ઈન્દ્રજી ૧૯મી સદીમાં પુરાતત્ત્વ શોધના ક્ષેત્રમાં એક વિલક્ષણ પ્રતિભા હતા પણ એમનું કાર્ય અલ્પજ્ઞાત રહ્યું. સંયોગથી એક દિવસ ફૂટપાથ પરની જૂની ચોપડીઓ વેચનારના પાસેથી વીરચંદ ધરમશીને એક સંદર્ભ પુસ્તક મળ્યું જેમાં ૧૯મી સદીના એ લગભગ વિસ્મૃત મનીષીની એક યાત્રા ડાયરીનો ઉલ્લેખ હતો. વીરચંદ ધરમશીની આગળ જેમ ન્યુટનની સામે સફરજન પડ્યું હતું તેવું બન્યું. એમને વિસ્મય થયું કે ભગવાનલાલ ઈન્દ્રજીએ ૧૯મી સદીમાં દેશભરમાં ફરીને અલગ અલગ વિસ્તારોમાં પુરાતત્ત્વ અનુસંધાનના ક્ષેત્રમાં ત્યારે આટલું મહત્ત્વપૂર્ણ કામ કર્યું હતું. તો પણ કેમ એમનું નામ હંમેશા ઓટમાં રહ્યું. ૧૯મી સદીના આ મનીષી તો આપણા પહેલા ભારતીય પુરાતત્ત્વવેત્તા હતા જેમણે દેશી-વિદેશી સ્કોલરોની સાથે સહયોગ પૂર્વક ઘણા બધા અસાધારણ સંશોધન કર્યા હતા. ગિરનારના જંગોલમાં શિલાઓ પર પ્રાચીન બ્રાહ્મી લિપીમાં લેખોને શોધ્યા. મુંબઈમાં નાલા સોપારાની પાસે અશોકના સમયના સ્મૃતિચિહ્નોનું સંશોધન, ઉદયગિરિના પહોડામાં હાથી ગુફા કે શિલાલેખોને વાંચવા, મથુરામાં વિષ્ણુ, બુદ્ધની પ્રસ્તર - છબીઓ અને જૈન તીર્થંકરોની પ્રતિમાઓની શોધ, પ્રાચીન પાંડુલિપિઓનું અર્થ નિરૂપણ, બિહારથી જેસલમેર અને દક્ષિણ ભારતથી ઉત્તર પૂર્વી ભારત અને નેપાલ સુધીનાં દુર્ગમ સ્થાનો પર ભગ્નાવશેષો, સ્તૂપ, શિલ્પો અને માનચિત્રોનું નિરંતર અધ્યયન, સ્તંભો અને દીવાલો ઉપર મોજુદ ચિત્રવલ્લરીઓના સમય અને ઈતિહાસના કાલાનુક્રમની એક પ્રમાણિત સમજને

*અનુસંધાન પાના નં. ..........*

## વહીવંચા અને આપણો ઈતિહાસ - ધરમસી ગોત્ર - ૪

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

ધરમસી ગોત્ર વહીવંચાની વહીનો બીજો ભાગ ભાયા ઓળખથી શરૂ થાય છે. આ ગોત્રનાં મુખ્ય પુરૂષ ધરમસીઆણીનાં એક પુત્ર નરપાર થયા તેનો પુત્ર લખીયાણી અને તેનો પુત્ર ભાચાશા (ભાચાણી) થયા તેના વંશજો 'ભાચેજાં' 'ભાચેવારા' કા ભાચા તરીકે ઓળખાયા.

ભાચા પરિવારની વંશાવલી સાંધાણથી શરૂ થાય છે જેથી કોઠારેથી આ પાંખડીનો વસવાટ સાંધાણ થયો હશે. વંશાવલીની શરૂઆત શાખે ધરમસી. ભાચા લખીઆણી, કરમણ ભાચાણી, ગેલો કરમણાણી, દેઅરો ગેલાણી.... થી થાય છે.

સાંધાણવારા દેવણાંધ નરપાર જેઠાણી સાંયરે છે. કાનજી રામૈયા જેઠાણી સાંધાણ છે. દેસર કાંયા તથા ગોવીંદજી કાંયા સાંધાણ છે. હીરજી હેમરજ જસાપર છે. તેના પુત્ર પુંજા હીરજી જસાપરથી મોટી ખાવડી વસ્યા. લાધા નાથાણીનો પરિવાર જખૌ વસ્યો. ભારમલ તથા ભીમસી લીલાધર વંઢીમાં વસ્યા.

જસાપરનાં ભાચા મેગા ગંગાજર તથા કેસવ ગંગાજર પરિવાર હાલારમાં ગોરખડી છે. ખીંઅસી બોધા અને ત્રિકમજી બોધા ગોરખડી છે. ખીમુ ગેલાણી, પુંજા ગેલાણી તથા નરપાર ગેલાણી જસાપર છે. જસાપરનાં લીલાધર રતનશીનો પરિવાર હાલારમાં વસ્યો. ભીંયસી લીલાધર મોટી ખાવડી તથા વેલજી લીલાધર મોટી ખાવડીથી બેરાજે વસ્યા અને આગળ જતાં વેલજી લીલાધરનો પુત્ર નરશી ભરૂડીયે અને અન્ય પુત્રો કાનજી, ડાયા રંગપુર વસ્યા.

**ભાચાણી પરિવારની પાંખડીઓ નીચે મુજબ છે.**

૧) સાંયરા : લક્ષ્મીચંદ - શવજી - પુંજા - દેવણાંધ - નરપાર - જેઠા - લખમસી - દેરાજ - કુંભા - હંસરાજ - ધારાણી - હરસી - ભાચાણી - લખીયાણી - નરપારાણી - ધરમસીઆણી.

૨) સાંધાણ : મેહુલ - નવિન - મણિલાલ - કુંવરજી - નરશી - માડણ - રણમલ - કરસન - વીરદાસ - દેરાજ - કુંભા - હંસરાજ - ધારાણી - હરસી - ભાચાણી.

૩) સાંધાણ : પુર્વેશ - જીતેન્દ્ર - ધનજી - નરશી - સોજપાર - દામજી - મેરગ - મેઘા - કેશવ - હંસરાજ - ધારાણી - હરસી - ભાચાણી.

૪) સાંધાણ : નિમેષ - મહેન્દ્ર - કાંતીલાલ - ગોવીંદજી - કાનજી - જેતસી - ખીંયસી - દેસર - ખીંયા - વીરદાસ - દેરાજ - કુંભા - હંસરાજ - ધારાણી - હરસી - ભાચાણી.

૫) પરજાઉ : અજય - શાંતિલાલ - રતનશી - નેણસી - પુનસી - ધારસી - માલાણી - રતનશી - સાંગા - ધારસી - આદત - દેવસી - ભાચાણી.

૬) ભરૂડીયા : નિલેશ - હિરાચંદ - કાનજી - રતનશી - પુંજા - હીરજી - હેમરાજ - ધનાણી - વીરમ - દેપાર - ભારમલ - દેવસી - ભાચાણી.

૭) રંગપુર : પ્રિયમ - પંકજ - કેશવજી - કાનજી - વેલજી - લીલાધર - રતનશી - સાંગા - ધારસી - આદત - દેવસી - ભાચાણી.

૮) ગોરખડી : વિમલેશ - દિનેશ - માણેકજી - વીરજી - અરજણ - કેસવ - ગંગાજર - ધનરાજ - વીરા - આસદે - ભારમલ - દેવસી - ભાચાણી.

૯) મોટી ખાવડી : ઉમંગ - વિજય - શીવજી - લાલજી - ભીંયસી - લીલાધર -રતનશી - સાંગા - ધારસી - આદત - દેવસી - ભાચાણી.

૧૦) ભરૂડિયા : વિમલ - જવેરચંદ - હંસરાજ - નરશી - વેલજી - લીલાધર -રતનશી - સાંગા - ધારસી - આદત - દેવસી - ભાચાણી.

વહીવંચાની નોંધ પરથી જણાય છે કે આજ થી ૧૦૦ - ૨૦૦ વરસ પૂર્વે આપણાં સ્થળાંતરો ખૂબ જ ઝડપી હતા. સ્થિર થવામાં પ્રતિકુળતા, ખેતી પ્રમુખ વ્યવસાય હોવાથી ગમે ત્યાં ખેતીની જમીન મળી રહેતી, સરેરાશ ટુંકુ આયુષ્ય, નાની વયની વિધવાનું ઊંચું પ્રમાણ અને મોટે ભાગે આવી વિધવાઓ પોતાનાં પિયરમાં જ પોતાના સંતાનો સાથે સ્થિર થતી અને પાછળથી સંતાનો પોતાનાં મૂળ કુટુંબના ગામને બદલે માતાનાં ગામને પોતાનું વસવાટ સ્થળ બનાવતા. આવા કારણોને લીધે સ્થળાંતરો વધુ થયા છે.

(નોંધ : આ સાથે મારી પાસે રહેલી ધરમસી ગોત્રની માહિતી પૂર્ણ થાય છે. શક્ય એટલી વહીમાં રહેલી ખાંખડીઓને આપણાં વસ્તી પત્રકોની પાંખડીઓ સાથે જોડવાનો પ્રયાસ કરેલ છે. હજુ થોડી વંશાવળીઓ પુરતી લીંક ન મળવાથી જોડી શકાઇ નથી. વાંચક વર્ગને વિનંતી આપની પાસે રહેલી ગોત્ર - વંશાવલી - વંશવૃજા (આંબા) આદિ હોય તો મને મોકલાવી આપશો જે મારા સંશોધનમાં ઉપયોગી નીવડશે તેમજ જ્ઞાતિ ઈતિહાસમાં ઉમેરી શકાશે.)

***

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ

જય શ્રી આશાપુરા માં તથા ખેતરપાર દાદા

## મોટી સિંધોડીમાં બીરાજમાન શ્રી આશાપુરા માતા તથા ખેતરપાર દાદાજીને નમતા મોટી સિંધોડી, નાની સિંધોડી, રાપર તથા સાંધણના મૈશેરી પરિવારના નમતા ભાવિકો

જત જણાવવાનું કે **શ્રી આશાપુરા માતા તથા શ્રી ખેતરપાર દાદાની ફળીનું નુતનીકરણ કરવા** તથા ગંધી **બદલાવા** તથા **ખેતરપાર દાદાના ભુવાની બેઠક**નો પ્રોગ્રામ **તા. ૧૭-૧૧-૨૦૧૮ થી ૧૯-૧૧-૨૦૧૮** સુધી ૩ દિવસનો કાર્યક્રમ રાખેલ છે.

**તો સર્વે ભાવિકો આ પ્રોગ્રામમાં સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.**

દર વર્ષની જેમ આ વર્ષે મુંબઇ (ડોંબિવલી)માં **સમૂહ પહેડી**નું આયોજન **તા. ૧૧-૧૦-૨૦૧૮ને ગુરૂવારે** સવારના નક્કી કરેલ છે. તો આ પહેડીમાં સહકુટુંબ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશો (નિયાણી બહેનોને સહપરિવાર પહેડીમાં પધારવા આમંત્રણ છે.)

**શ્રીજી બેક્વેંટ હૉલ, (સુંદરબાઇ હૉલ),**

દીન દયાલ ક્રોસ લેન, વિવેકાનંદ સ્કૂલની બાજુમાં, ડોંબિવલી (વેસ્ટ).

**ઉપર મુજબની પહેડી પ્રસાદમાં નિયાણી બેનોને ભાવભર્યું આમંત્રણ આપીશે છીએ.**

દર વર્ષની જેમ આ વરસે આપણે **શ્રી આશાપુરા માતાની પગપાળા યાત્રા**નું આયોજન **તા. ૧૩-૧૦-૨૦૧૮**ના સયાજી નગરીમાં કરેલ છે. તો હજી આપની ઇચ્છા હોય તો નામ લખાવવા વિનંતી. રીટર્ન **તા. ૧૬-૧૦-૨૦૧૮** કચ્છ એક્સપ્રેસમાં.



**શ્રી આશાપુરા મીત્ર મંડળ વતી**

**ડોંબિવલી**



**ભુલચુક માટે મિચ્છામિ દુક્કડમ્**

વધુ વિગત માટે નીચે આગળ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

સંપર્ક
**ચંદુલાલ મૈશેરી - 98331 51258**
**ભરત મૈશેરી - 70217 54343**
**કીકેસ મૈશેરી - 99306 12399**
**વિજય મૈશેરી - 93231 52388**
**રમેશ મૈશેરી - 97690 43763**

**ના જય જિનેન્દ્ર**

## કલર પેજ જાહેરાતો માટે સૂચના

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે ત્રણેક અઠવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ અઠવાડીયાના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે સપ્તાહે ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ.

**- વ્યવસ્થાપક**

## રંગપુર ક.દ.ઓ. ટ્રસ્ટ

પર્યુષણ પર્વ તા. ૬-૯-૨૦૧૮ થી આરંભ થાય છે. પાંચમ પ્રતિક્રમણ તા. ૧૩-૯-૨૦૧૮ના થશે. તે સમય દરમિયાન શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠમાંથી બે બહેનો આરાધના કરાવવા આવશે. આપ સર્વે તથા ગામની નિયાણી બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહેશો. રહેવાની ઉત્તમ વ્યવસ્થા છે. આ વર્ષે વરસાદ સારો હોવાથી વાતાવરણ ખૂબ સારૂં અનુકૂળ છે. જલ્દિથી ટીકીટ બુક કરાવી રંગપુર નગરે પધારશો.

**નોંધ : સાધર્મિક ભક્તિનો લાભ લેવાનો નકરો : સંપૂર્ણ દિવસ - ૨૦,૦૦૦/-, નવકારશી - ૩,૦૦૦/-, બપોરનું ભોજન - ૧૦,૦૦૦/-, બપોરની ચા - ૨૦૦૦/-, ચૌવિહાર - ૫૦૦૦/-.** જેમને પણ લાભ લેવાની ઇચ્છા હોય પ્રભાવના નકરો રૂા. ૨૦૦૦/- (વ્યાખ્યાન બાદ) તે **નિતીન બી ધરમશી**નો સંપર્ક નંબર - **9892950814** પર જણાવે.

**લિ. રંગપુર ક.દ.ઓ. ટ્રસ્ટ**

## હાઉસવાઈફ કે હોમમેકર

– **પ્રવીણ લોડાયા**, વડોદરા

જસ્ટીસ રાઘવેન્દ્ર એસ. ચૌહાણે હમણા એક કેસમાં એવો ચુકાદો આપ્યો કે તમારી વાઈફ હાઉસ વાઈફ નથી પણ હોમ મેકર છે. આ એક શકવર્તિ ચુકાદો છે. જસ્ટીસ ચોહાણનું અવલોકન પ્રશંસાપાત્ર અને ચોમેરથી આવકાર પાત્ર બન્યું છે !

ટુંકમાં વિગત એવી છે કે કોર્ટમાં હાજર રહેલી પત્નીએ વિમાન પ્રવાસનું ભાડું માંગ્યુ હતું. જવાબમાં પતિએ દલીલ કરી હતી કે હાઉસ વાઈફને શું કામ હોય છે ! ત્યારે જસ્ટીસ ચૌહાણે કહ્યું કે તમારી વાઈફને કશું કામ નથી હોતું એમ ના કહો ! તે આખા ઘરનું સંચાલન કરે છે, તે હાઉસ વાઈફ નથી પણ હોમ મેકર છે.

હાઉસ વાઈફના બદલે હોમમેકર શબ્દ ગૃહિણીઓ માટે વધુ માનવાચક ગણી શકાય. આનાથી મહિલાઓનું ગૌરવ વધ્યું છે. દરેકના મનની વાત કહેવામાં આવી છે. પુરૂષ ઘર સંભાળી શકતો નથી. પત્ની અનેક કામગીરી સૂઝબૂઝથી કરે છે. તે પિયરિયાને સાચવે, સાસરિયાને સાચવે અને પોતાના ઘરના ને પણ સાચવે છે.

ઓફિસમાં કામ કરતાં પુરૂષ પાસે મલ્ટી ટાસ્કિંગ ક્ષમતા નથી હોતી પણ ગૃહિણી આ કામમાં બાહોશ હોય છે. ઘરના કયા સભ્યને ક્યારે શું જોઈશે તેની માહિતી ગૃહિણી પાસે હોય છે. કુટુંબના સભ્યને શું ભાવશે ? કુટુંબ સાથેના કે પડોશના વ્યવહારો કેમ સાચવવા ? તેમાં ગૃહિણીઓ નિપુણ હોય છે.

આવી ક્ષમતા ગૃહિણીઓમાં ઇનબિલ્ટ હોય છે એમ કહી શકાય. જે યુવતીઓ લગ્ન પહેલા પોતાના મા-બાપને ત્યાં કોઇ કામ નથી કર્યું તે પરણ્યા પછી સાવ જ નવા કુટુંબને સાચવી શકે છે. અમે જેમ જેમ જવાબદારી વધે એમ તે વધુ ખીલે છે.

સંતાનોને ઉછેરવાથી માંડીને તેમને ગમતા પાત્ર શોધવા સુધીની કળા માત્ર અને માત્ર ગૃહિણી પાસે જ હોય છે. પતિ ભલે આ કામમાં રસ લે પણ અંતે ફાઈનલ નિર્ણય ગૃહિણીનો જ ગણાય છે જે આખા કુટુંબને માન્ય હોય છે.

તારે આખો દિવસ શું કરવાનું ? બધા કામ માટે તો નોકર-ચાકર છે, એવા ડાયલોગ દરેક ઘરમાં સાંભળવા મળે છે. પરંતુ ઘરના વ્યવહાર બહુ લાંબા અને અટપટા હોય છે જેને માત્ર ગૃહિણી જ ટેકલ કરી શકે છે.

એટલે જ આપણે ત્યાં કહેવત પ્રચલિત છે કે, ગૃહિણી વિનાનું ઘર અને ઘર વિનાની ગૃહિણી એ બન્ને સ્થિતિ કરૂણ હોય છે. ગૃહિણી વગર 'ઘર'ની વ્યાખ્યા અપૂરતી લાગે છે. હોમ મેકર્સનું કામ કોઇ કંપનીના મેનેજર કરતાં પણ વધુ હોય છે. ઘરમાં પ્રવેશતી દરેક વ્યક્તિનો મૂડ ઓળખી લેવાની સિક્સથ સેન્સ ધરાવે છે.

પત્ની રજાઓમાં પિયર જાય ત્યારે પતિની દશા કરૂણ હોય છે. તેની સ્થિતિ પર અનેક રમૂજો વોટસએપ પર ચાલે છે.

ઘરને સ્વર્ગ બનાવતી પત્ની માટે હાઉસ વાઈફ શબ્દ વાપરવાના બદલે હોમ મેકર કે હોમ મેનેજર શબ્દ વાપરશો તો કાર્યેષુ મંત્રીને યોગ્ય ન્યાય આપી શકશો. ૧૦૦૦ વર્ષ પહેલાં આ શ્લોક રચનારને વંદન. શ્લોક આ પ્રમાણે છે.

**કાર્યેષુ દાસી, કર્મેષુ મંત્રી,**
**ભોજેષુ માતા, શયનેશુ રંભા**
**રૂપેષુ લક્ષ્મી, કર્મેશુ ધારિત્રી,**
**શત ધર્મ યુક્તા, કુલ ધર્મા પત્ની**

ટુંકમાં ઘરના બધા કામ કરતી, નિર્ણયો લેતી, માતાની જેમ જમાડતી, રાત્રે રંભાનું રૂપ લેતી, લક્ષ્મી જેવી રૂપાળી, પૃથ્વી જેવી ધીરજવાળી, કુળ ધર્મ નિભાવતી પત્ની ગુણવંતી કહેવામાં આવે છે.

એક સમય એવો હતો કે જ્યારે ઘરના નિર્ણયોથી મહિલાઓને દૂર રાખવામાં આવતી હતી. પતીની આવક, બચત, પોલીસી વગેરેથી તેને દૂર રખાતી હતી. પુરૂષ પ્રધાન સમાજે 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' જેવી પાયા વિનાની કહેવત પણ રચી નાખી.

વિકાસ તો એવો થયો કે કંપનીઓની મહિલા ડિરેક્ટરર્સ જોવા મળે છે. દેશની ટોપ બેન્કોમાં ચેરપર્સન તરિકે મહિલાઓ છે. વારંવાર મર્દ બાઇ તરિકે ઇંદિરા ગાંધીનો દાખલો અપાય છે. દાસી, મંત્રી, માતા, રંભા, લક્ષ્મી એ બધાને એક શબ્દ હવે છે, 'હોમ મેકર'.

***


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

મુંબઈ સ્થિત પાલાણી વાડી વેંચાણની રકમ, **સખી દાતાઓ** દ્વારા **ભૂમિદાન** તથા **શેઠશ્રી લક્ષ્મીચંદ ધારજી મોતા** તરફથી માતબર રકમ અને **શ્રી અનંતનાથજી ટ્રસ્ટ** દ્વારા લોન - સહાય ફાળા દ્વારા ઐરોલી ખાતે મહાજન વાડી ચણતર થયેલ ઈમારત - અન્ટીરીઈર કાર્ય બાકી રહેતાં વણવપરાયેલી સ્થિતિમાં છેલ્લા ૩-૧/૨ વર્ષથી વિપરીત કારણો જેવા કે નોટબંધી, નાણાકીય વિકટ પરિસ્થિતિને કારણે પૂર્ણ નથી થયેલ.

સમય પરિવર્તન, જ્ઞાતિમાં સાનુકૂળ વાતાવરણ ચતુર્થ સંમેલન આયોજનની તડામર તૈયારીઓ ૨૦૧૪માં ગત મહાજનની શ્રી નયન ભેદાની આગેવાની સમયે મહાજન વાડીની અંદર વિવિધ જગ્યાએ નામકરણ (તક્તિ) આયોજનની યોજના નક્કી કરાયેલ જે અત્રે આપેલ છે. આપ સૌ જ્ઞાતિજનોને, દેશાવરના મહાજનોને નામ આપવાની શરતે વડીલોની સ્મૃતિપટ રૂપે ઉદાર દિલે આપની ઈચ્છાનુસાર ફાળો નોંધાવી મહાજન વાડીનું કાર્ય ત્વરિત વેળાએ પૂર્ણ કરાવવામાં સહભાગી થઇ અમને પ્રેરક બળ અર્પશો. એવી આપ સૌ જ્ઞાતિજનોને વિનમ્ર ભાવે અપીલ.

| | **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**<br>**સંચાલિત**<br>**કસ્તૂરી-પદમ ભવન વિવિધલક્ષી સંકુલ-ઐરોલી, ભંડોળ યોજના** | | **K.D.O. Jain Gnati Mahajan - Mumabi**<br>**Kasturi-Padam Bhavan Vividhlaxi Complex - Airoli**<br>**Scheme for Funds Gathering** |
|---|---|---|---|
| ૧) | મેઈન ગેટ : રૂ. ૧ કરોડ ૨૫ લાખ<br>બેક ગેટ : રૂ. ૫૧ લાખ | 1) | Main gate : ₹ 1 crore 25 lakhs<br>Back gate : ₹ 51 lakhs |
| ૨) | બેઝમેન્ટ : રૂ. ૨૫ લાખ | 2) | Basement : ₹ 25 lakhs |
| ૩) | પૅસેજ<br>પૅસેજ ૧ : રૂ. ૨૧ લાખ<br>પૅસેજ ૨ : રૂ. ૨૧ લાખ<br>પૅસેજ ૩ : રૂ. ૨૧ લાખ<br>પૅસેજ ૪ : રૂ. ૨૧ લાખ | 3) | Wing<br>1st wing : ₹ 21 lakhs<br>2nd wing : ₹ 21 lakhs<br>3rd wing : ₹ 21 lakhs<br>4th wing : ₹ 21 lakhs |
| ૪) | પૅસેજ (B)<br>પૅસેજ ૧ : રૂ. ૧૧ લાખ<br>પૅસેજ ૨ : રૂ. ૧૧ લાખ<br>પૅસેજ ૩ : રૂ. ૧૧ લાખ<br>પૅસેજ ૪ : રૂ. ૧૧ લાખ | 4) | Wing (B)<br>1st wing : ₹ 11 lakhs<br>2nd wing : ₹ 11 lakhs<br>3rd wing : ₹ 11 lakhs<br>4th wing : ₹ 11 lakhs |
| ૫) | પેહલા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૨૫ લાખ<br>નં. ૨ : રૂ. ૨૫ લાખ | 5) | Rooms on 1st floor<br>No. 1 : ₹ 25 lakhs<br>No. 2 : ₹ 25 lakhs |
| ૬) | બીજા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૧૫ લાખ<br>નં. ૨ : રૂ. ૧૫ લાખ<br>નં. ૩ : રૂ. ૧૫ લાખ<br>નં. ૪ : રૂ. ૧૫ લાખ | 6) | Rooms on 2nd floor<br>No. 1 : ₹ 15 lakhs<br>No. 2 : ₹ 15 lakhs<br>No. 3 : ₹ 15 lakhs<br>No. 4 : ₹ 15 lakhs |
| ૭) | ત્રીજા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૧૫ લાખ<br>નં. ૨ : રૂ. ૧૫ લાખ<br>નં. ૩ : રૂ. ૧૫ લાખ<br>નં. ૪ : રૂ. ૧૫ લાખ | 7) | Rooms on 3rd floor<br>No. 1 : ₹ 15 lakhs<br>No. 2 : ₹ 15 lakhs<br>No. 3 : ₹ 15 lakhs<br>No. 4 : ₹ 15 lakhs |
| ૮) | મેઈન બૅન્ક્વેટ હૉલ : રૂ. ૨ કરોડ ૫૧ લાખ | 8) | Main Banquet Hall : 2 coror 51 lakhs |
| ૯) | ચોથા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૧૫ લાખ   નં. ૫ : રૂ. ૧૫ લાખ<br>નં. ૨ : રૂ. ૧૫ લાખ   નં. ૬ : રૂ. ૧૫ લાખ<br>નં. ૩ : રૂ. ૧૫ લાખ   નં. ૭ : રૂ. ૧૫ લાખ<br>નં. ૪ : રૂ. ૧૫ લાખ   નં. ૮ : રૂ. ૧૫ લાખ | 9) | Rooms on 4th floor<br>No. 1 : ₹ 15 lakhs   No. 5 : ₹ 15 lakhs<br>No. 2 : ₹ 15 lakhs   No. 6 : ₹ 15 lakhs<br>No. 3 : ₹ 15 lakhs   No. 7 : ₹ 15 lakhs<br>No. 4 : ₹ 15 lakhs   No. 8 : ₹ 15 lakhs |
| ૧૦) | મિની હૉલ : રૂ. ૫૧ લાખ | 10) | Mini Hall : ₹ 51 lakhs |
| ૧૧) | પૅન્ટ્રી : રૂ. ૧૪ લાખ | 11) | Pantry : ₹ 14 lakhs |
| ૧૨) | સ્ટોર રૂમ ૧ : ૫.૫ લાખ<br>સ્ટોર રૂમ ૨ : ૫.૫ લાખ | 12) | Storeroom : ₹ 5.5 lakhs<br>Storeroom : ₹ 5.5 lakhs |
| ૧૩) | લિફ્ટ ૧ : રૂ. ૧૫ લાખ<br>લિફ્ટ ૨ : રૂ. ૧૫ લાખ | 13) | Lift no. 1 : ₹ 15 lakhs<br>Lift no. 2 : ₹ 15 lakhs |
| ૧૪) | સાધારણ ફંડ : રૂ. ૧૧૧,૧૧૧/- | 14) | Ordinary fund : ₹ 111,111/- |
| ૧૫) | સંપૂર્ણ વાડીનું રાચરચીલું : રૂ. ૫૧ લાખ | 15) | Complete furniture works of hall : ₹ 51 lakhs |

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪



# ધ્વજાના વધામણા પ્રભુ અનંતનાથના ધામે



અલબેલા દાદા અનંતનાથની લીલા છે. અપરંપાર ૧૮૫ વર્ષથી જેમણે કર્યુ છે મસ્જિદ બંદર ઉપર રાજ્ય એવા પ્રભુના દેરાસરની ધ્વજા મહોત્સવ પ્રસંગના પડગમ વાગી રહ્યા છે. શ્રી અનંતનાથ દાદાની છાયા અચલગચ્છાધિપતિશ્રીના આશિષ વર્ષાની સાથે **પ.પૂ. સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. સાધ્વી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી પ્રશમરસાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી રાજનંદીશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી પુન્યવંતાશ્રીજી મ.સા.**ના શુભ સાનિધ્ય તેમજ **યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**નો સંગાથ જે બનાવશે પ્રસંગને દેદિપ્યમાન.

## ત્રયાન્હિકા મહોત્સવ

ચાલો આપણે ઉમંગભેર ઉજવીએ અનંતનાથ દરબારે ધ્વજા મહોત્સવ - ત્રયાન્હિકા મહોત્સવના

| | | |
|---|---|---|
| **પ્રથમ દિવસ :** | શ્રાવણ સુદ - ૭, તા. ૧૭-૦૮-૨૦૧૮, શુક્રવાર સવારના ૯.૦૦ કલાકે | **પંચ કલ્યાણક પૂજા** સાંજના ૮.૦૦ કલાકે **"મહાકાળી માતાની ભાવના" યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**ના સંગાથે, શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપ ભણાવશે |
| **બીજો દિવસ :** | શ્રાવણ સુદ - ૮, તા. ૧૮-૦૮-૨૦૧૮, શનિવાર સવારના ૯.૦૦ કલાકે | **"અઢાર અભિષેક"**, સાંજના ૮.૦૦ કલાકે **શ્રી કુમારપાળ રાજાની મહાઆરતી** |
| **ત્રીજો દિવસ :** | શ્રાવણ સુદ - ૯, તા. ૧૯-૦૮-૨૦૧૮, રવિવાર સવારના ૯.૦૦ કલાકે | **"ધ્વજા મહોત્સવ"** એક જિનાલય નહિ પણ એક તીર્થ જ્યાં ૨૪ જિનાલય છે. એવા અનંતનાથજી ૨૪ જિનાલય મહાતીર્થની ૧૮૫મી વર્ષગાંઠની **ધ્વજારોહણ** સાથે **સત્તરભેદી પૂજા** સવારના ૮.૦૦ કલાકે, ધ્વજા રોહણ મહોત્સવ બાદ **"નાત જમણ"** જમણ રાખવામાં આવેલ છે, સાંજના ભાવના ૮.૩૦ કલાકે |

**તા.ક.:** ૦૫-૦૮-૨૦૧૮ને રવિવારના અનુષ્ઠાન દરમ્યાન કુમારપાળ રાજાની આરતી, અઢાર અભિષેક તથા ધ્વજાના ચડાવા લેવામાં આવશે.

## ખાસ સભા

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

મુંબઈ મહાજનશ્રીની ખાસ સભા શ્રાવણ સુદ ૯ ને **રવિવાર, તા. ૧૯-૦૮-૨૦૧૮**ના સવારના શ્રી અનંતનાથજી મહારાજ જિનાલય, મસ્જિદબંદરમાં ધ્વજારોહણ દરમ્યાન એકત્ર થશે, જેમાં નીચે મુજબ કાર્યસૂચી હાથ ધરાશે. શ્રી પર્યુષણ દરમ્યાન **શ્રી કલ્પસૂત્ર (પોથી)** ઘરે પધરાવવાના ઘૃતની ઉછામણી બોલાવી આદેશ આપવામાં આવશે.

***ઉત્સાહભેર લાભ લેવા વિનંતી.***

એજ લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

**રમેશ હીરજી લોડાયા** - માનદ્‌મંત્રી　　**ચેતનકુમાર ખીમજી મોમાયા** - માનદ્‌મંત્રી

**નોંધ :** જે કોઈ ભાગ્યશાળી પરામાંથી પોથી પધરાવવાનો લાભ લેશે.
તેને જાગરણ માટે મહાજનશ્રી દ્વારા મસ્જિદ બંદર ખાતે વ્યવસ્થા કરી આપવામાં આવશે.

## ટી. વી. પડદે કેડીઓ




ટી.વી. પડદે દેખાવું તે ખુશનશીબાની વાત છે. આપણાં કેડીઓ ભૂલે ચૂકે દેખાઈ જાય તો અનહદ્ આનંદની વાત છે.

શરૂઆતમાં ભારતમાં ટી.વી. પગરણના જમાનામાં ગુજરાતી વાર્તા ઉપરથી ટી.વી.ના ઢાંચામાં કંડરાયેલી 'એક કહાની'માં નાટ્યકર્મી જ્ઞાતી મુરબ્બી સ્વ. શ્રી ચાંપશીભાઈ નાગડાએ ભાળ્યા તે સાથે બહારથી પૂરૂં અનંત નિવાસ અને ખાસ કરીને અનંતનિવાસ નીચે ફૂટપાથને અડીને આવેલી રદ્દી પેપરની દુકાનમાં વારતા આગળ વધતી ચાલી.

ખેર, તે બાદ કેન્દ્રિય અંદાજપત્ર ઉપરની લાઈવ પ્રતિક્રિયા કોચીન થી પ્રસારિત થઈ જેમાં સ્વ. શ્રી લખમશી વેલજી મૈશેરી (વાંકુ)ના સુપુત્રી શ્રીમતિ સોનલબેન પ્રફુલચંદ્ર શાહ બેધડક ચોખ્ખા શબ્દોમાં પ્રતિક્રિયા આપતાં દેખાયા. વિચારધારા અસ્ખલિત રહી અને જુસ્સો ઓર હતો.

અનેકવિધ ટી.વી. ચેનલોના યુગમાં સોની ચેનલની ઝકડી રાખતી દિલચશ્પ શ્રેણી 'ક્રોસ રોડ'ના ઓડિયન્સમાં સંખ્યાબંધ કેડીઓ નિહાળવાની મજા ઓર રહી. વધુમાં યુવાજનો હિંદીમાં સરસ મજાના મંતવ્યો રજૂ કરતા રહ્યા. કાર્યક્રમ ભારે ચગ્યો.

આજ પર્યંત ટી.વી. પડદે કેડીઓના દર્શન નજરાણા સમ રહ્યા.

– **કાંતિલાલ કેશવજી મોતા** (મુલુંડ)

---

## જીવનસંધ્યા




ગદગની જીવન સંધ્યા (કોમ્પ્લેક્સ) સંકુલમાં વરસાદના દિવસોમાં કૉરીડોરમાં ખૂબજ પાણી ભરાઇ જતું. કૉરીડોરથી ડાયનીંગ રૂમ જતી વખતે ઉપરની છત ત્રિકોણાકારમાં ખુલ્લી છે તેથી તે અગવડભરેલા ખૂણાંને કેવી રીતે ઢાંકવું તેની છેલ્લા કેટલાક સમયથી મૂંઝવણ હતી. ઇજનેરો મોટા બજેટ બતાવતા હતા. તેવામાં અમારા ટ્રસ્ટી હુબલીમાં શ્રી હિરાચંદ દંડના ધર્મપત્ની શ્રીમતી લલિતાબેન મુલાકાતે પધારેલ ત્યારે તેમણે સૂઝાવ આપેલ કે આ કાર્ય માત્ર હુબલીવાળા શ્રીમતી સોનલબેન જ કરી શકશે. અમોએ તુરંન્ત સંપર્ક સાધ્યો ને બહેનશ્રી વિન્નમ ભાવે આ કાર્ય પૂરૂં કરી આપવાની ઇચ્છા દર્શાવેલ અને તે મુજબ તેઓશ્રી પોતે સ્થળની મુલાકાત લઇને હાલમાં ઝીંક શીટના રૂફ થી છત ઢાંકી આપેલ છે.

આજે વડિલોને વરસાદના દિવસોમાં કોઇ તકલીફ રહેતી નથી. કચ્છ સાંયરાના હાલ હુબલી નિવાસી શા પદમશી હીરજી મોમાયાના પુત્ર વધુ સોનલબેન અજય મોમાયા 'જયરાજ રૂફીંગ''ના નામથી મોટા મોટા કૉમ્પ્લેક્સ, બસ સ્ટેન્ડ ઇત્યાદીનું નિર્માણ કરી આપે છે. કરોડોનું ટર્નઓવર તેઓ ખૂબજ વ્યવસ્થિત સંભાળે છે.

''સલામ છે આપણી મહિલા શક્તિને''

ફેબ્રીક્રેશન્સના કાર્યમાં ખૂબજ વ્યસ્ત હોવા છતાં પણ કોઇપણ ચાર્જ લીધા વગર આશ્રમનું આ મહત્વનું કાર્ય કરી આપેલ છે અને જણાવેલ કે આ સેવાનું કાર્ય કરવાનું તેમને સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલ છે. આવો વિનમ્ર ભાવ સૌને કેળવવા જેવી ધાર્મિક મનોભાવનાથી વરેલ આ કુટુંબ સમાજનાં દેરક કાર્યોમાં પોતાનો ઉત્તમ સહયોગ આપે છે. એમની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી જ છે.

આવાજ ઉત્તમ કાર્યો કરતા રહો એવી 'જીવનસંધ્યા'ના વડિલોની શુભેચ્છાઓ તથા આશીર્વાદ છે.

– સર્વે ટ્રસ્ટીગણ વતી **હરીશ મુનવર**, ટ્રસ્ટી


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## ભાવભર્યું આમંત્રણ

શ્રી સચ્ચાઇ માતાજી ના ભાવિકોને જણાવતા હર્ષ થાય કે વાર **સોમવાર** તા. **૧૨–૧૧–૨૦૧૮** લાભ પાંચમના દિવસે નલીયા મુકામે **માતાજીની પુજા–અર્ચના** રાખેલ છે. આપ શ્રી સૌને પધારવા ભાવભર્યું આમંત્રણ એજ અમારી વિનંતી.

**Contact No. 98444 06425**

લિ. **જ્યોત્સનાબેન લોડાયા (ભુઇમા)**

# જ્ઞાતિજનોના પ્રતિભાવ

## જવાબદેહી અને જવાબદારી

પ્રકાશ સમીક્ષા અંક-૨૮ નો CA ચંદ્રેશ પદમશી છેડા, વડોદરાનો પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ અંગેનો લેખ ખુબજ ગમ્યો. જ્ઞાતિની દરેક સંસ્થા / ટ્રસ્ટ / મહાજનના પદાધિકારી બનતી વ્યક્તિ પાસે જ્ઞાતિ પ્રત્યેની લાગણી અને જ્ઞાતિદાઝ અંગે જવાબદારી સાથે જવાબદેહી હોવી જોઈએ. પ્રર્વતમાન સમયમાં જ્ઞાતિના નાના માણસનું કોઈ સાંભાળનારૂં નથી અને મધ્યમવર્ગ/નબળા મધ્યમવર્ગ સમાજનાં કાર્યોથી વિમુખ થતા જાય છે. સમાજનાં ઘણાં રહેઠાણ / આરોગ્ય / શિક્ષણ / વ્યવહારીક પ્રશ્નો મુખ્યત્વે ઉપર ઉભરી રહ્યા છે. સમાજનાં દરેક મહાજનનાં ટ્રસ્ટીઓ/પદાધિકારીઓની નિમણુંક સમાજની સામાન્ય સભામાં સર્વાનુમતે કરવામાં આવે છે અથવા ચુંટણી પ્રક્રિયાથી બંધારણીય મર્યાદામાં રહીને નિમણુંક કરવામાં આવે છે એટલે સમાજે ચુંટેલા/નિમણુંક કરેલા પ્રધિનિધિઓ સમાજનું સંચાલન કરી રહ્યા છે જેમાં કોઈને સંદેહ ન હોવો જોઈએ. પણ જવાબદેહી કે જવાબદારીમાંથી છુટ લેતા અધિકારીઓનો કાન પકવવાનો અધિકાર પણ જાહેર જનતા (જ્ઞાતિ) ને મળેલ છે તો જ્ઞાતિજનોએ પોતે પણ સદર મહાજન / ટ્રસ્ટ/સંસ્થાનાં પ્રતિનિધિ છો, તો જવાબદારીમાંથી છુટતા અધિકારીને ઘરે બેસાડવાની તાકાત પણ જ્ઞાતિજનોને જ લેવી પડશે. સમાજ સાથે અવિશ્વાસ ઉભો થાય તેવી સ્કીમો પણ જ્ઞાતિની સંસ્થાઓ અને વરીષ્ટ વ્યક્તિઓએ લાવી હતી તેમાં એક ''કલ્પવૃક્ષ'' યોજના. જ્ઞાતિનાં ગરીબમાં ગરીબ માણસોએ / વિધવા બહેનોએ ઘરેણાં વેચીને આ યોજના જ્ઞાતિની છે અને રૂા. ૪૨૫/- એક ઝાડનાં છે તે ચાર (૪) ઝાડના રૂપિયા એક લાખ મળશે, જેમાંથી દિકરાઓને ભણાવશું, લગ્ન કરાવશું, વૃધ્ધાવસ્થામાં વ્યાજરૂપી સહારો મળશે તે આશયથી જ્ઞાતિનાં વડીલોની સમજાવટથી રોકાણ કરેલ, પણ જ્ઞાતિને ફક્ત કાગળરૂપી સર્ટીફીકેટ મળ્યા, ફોર્મમાં સંસ્થાનું નામ હતું, સંસ્થા આ યોજના લાવી રહી છે પણ સર્ટીફીકેટમાં કાંઈક જુદુજ હતું. તેમાં બોન પ્લાન્ટેશન કંપનીને જવાબદાર ઠેરવીને સંસ્થાના જવાબદાર વ્યક્તિઓએ હાથ ઉંચા કરી લીધા. ઘણાં જ્ઞાતિજનો પાસેથી સર્ટીફીકેટ સરેન્ડર કરાવીને મુળ રકમ પરત આપવામાં આવી. શું આપણી જ્ઞાતિ પ્રત્યેની જવાબદારી આ છે? વધુમાં જ્ઞાતિજનોએ પોતાના મિત્ર વર્તુળમાંથી અન્ય જ્ઞાતિનાં ભાઈઓને રોકાણ કરાવ્યું કે અમારા સમાજની સંસ્થાની આ સ્કીમ છે. તેઓને ડબલ માર પડી રહ્યો છે અને અન્ય જ્ઞાતિના લોકો પૈસા પરત માંગી રહ્યા છે કે મુદત પુરી થઈ ગઈ અને એક લાખ રૂપિયા આપો? સદર સંસ્થાએ વૃક્ષો સડી ગયા / પડી ગયા / પાણી ન અપાયુ તેના માટે જવાબદાર કોણ? આ ગરીબ કે મધ્યમવર્ગનાં જ્ઞાતિજનોએ શું ગુનો કર્યો? આ પ્રશ્નને કોર્ટ સુધી લઈ જવા જ્ઞાતિના મહીલા પત્રકારે બીડું ઝડપ્યું અને જહેમત ઉઠાવી પણ જ્ઞાતિજનોનો એક ઉચ્ચ વર્ગનો સાથ મળ્યો અને તેમને હથિયાર હેઠા મુકવા પડ્યા અને પોતાનો અંક અને કોર્ટ કચેરીની પ્રક્રિયાને પડતી ચુકવી પડી, સાઉથના એક મહાજનના પ્રમુખ હમેશા આ અંગે પ્રશ્ન ઉઠાવતા રહ્યા પણ સતત તેઓનાં અવાજને દબાવવાનાં પ્રયત્ન કરવામાં આવ્યા અને એક હોશીયાર વ્યક્તિ નિષ્ક્રીય થઈને આ ચડવળ ને પડતી મુકી.

આજકાલ આજ સંસ્થા સાથે જોડાયેલ જે તે સમયનાં અધિકારીઓ ગામે ગામ ફરીને જ્ઞાતિનાં ઉત્થાનની વાતો કરે છે, બહુજ સારૂ છે, જ્ઞાતિ હિત માટે કાંઈ પણ સારૂ કામ થાય તેમાં બધા જ સાથે હોય પણ ભુતકાળમાં થયેલ કાર્યો અંગેની જવાબદેહી અને જવાબદારી પણ આપણી જ છે. તે માટે જ્ઞાતિજનોને સંતોષ થાય અને તેઓએ રોકેલ મુડીનું પુરેપુરૂ વળતર મળે તેવી આશા આપની પાસેથી જ્ઞાતિજનો રાખી રહ્યા છે.

**- અરવિંદ લાલજી લોડાયા,** ગાંધીધામ

### પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

### રોટલો છે ઓટલો નથી....

સહતંત્રી ઉદયનભાઇનો લેખ દિશાસૂચક છે. આ સમસ્યા મુંબઈ સાથે બીજા શહેરોમાં પણ છે. જ્યારે આપવામાં આવે છે ત્યારે દરેક શરતો માનવામાં આવે છે. જ્યારે આ પ્રગતી કરી પૈસાદાર થઇ જાય છે ત્યારે આ માણસો પૈસાના જોર પર ટ્રસ્ટના મેમ્બર થી સાંઠ ગાંઠ કરી, મકાનો, દુકાનો ખાલી નથી કરતા. જેથી બીજા લોકોને આનો લાભ નથી મળતો અને આગળ વધવામાં ભારે તકલીફનો સામનો કરવો પડે છે.

**- હેમંત લોડાયા,** ખંડવા

## કચ્છી કસબ - ૧૨૬





રચયિતા: **જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**
[૧] કદાચ(perhaps) (૫); [૪] અત્યાર સુધી (till now)(૩); [૬] બાજુબંધ(armies) (૨); [૭] ઘેટા (sheeps)(૨); [૮] પિતા (father) (૨); [૧૦] જા (go) (૨); [૧૧] ઉંડો (deep) (૨); [૧૨] ઠંડી (cold) (૧); [૧૩] મૂકી આવવું (drop someone) (૪); [૧૫] કેમ (how) (૧); [૧૬] દૂર (far) (૩); [૧૭] શાકભાજી (vegetables) (૩); [૧૯] માંદો (sick) (૨); [૨૦] સારા (good) (૨); [૨૧] જુઓ (look) (૨); [૨૩] ફક્ત (only) (૨); [૨૪] દાણો પાણી (luck) (૩); [૨૫] સમાચાર (news) (૩); [૨૬] બીજી (another) (૨); [૨૮] ચલણ (trend) (૩); [૨૯] પાતળું (slim) (૨); [૩૦] ઘસવું (to rub) (૨); [૩૧] રોટલી (chappati) (૨); [૩૨] તેમ (that) (૧); [૩૩] સીધું (straight) (૨)

**(ઉકેલ અન્યત્ર)**

**ઊભી ચાવીઓ -**
[૧] ગધંડો (donkey) (૩); [૨] લોટો (kind of water glass) (૪); [૩] કપડામાંથી પાણીનું નિતરવું (dripping water from cloth) (૪); [૪] અહીયાં (here) (૨); [૫] કોઈક (someone) (૨); [૬] વિરોધ (objection) (૫); [૯] બોલ્યા (spoken) (૩); [૧૧] ઉંધુચત્તુ (in disorder) (૪); [૧૪] ખરાબ માણસ (bad man) (૩); [૧૬] અસ્તવ્યસ્ત પડેલું (things lying here & there) (૩); [૧૮] લુચ્ચાઈ (cunningness) (૪);[૨૧] આટોપવું (get ready) (૩); [૨૨] સગવડ (comfort) (૨); [૨૩] સાસરા (in-laws) (૩); [૨૫] કુવો (well) (૨); [૨૬] ગરમ ઓઢવાનું (blanket) (૩); [૨૭] સફેદ (white) (૨); [૨૮] રાખ (ash) (૨)

## ઈશ્વરના પ્રતિનિધિ બનીને રહો - એન. રઘુરામન

એક સાંજે મને મધ્યપ્રદેશના રતલામની સિવિલ હોસ્પિટલમાં જવાનો અવસર મળ્યો. ત્યાંની પરિસ્થિતિ જોઈને હું ડઘાઈ જ ગયો. ઓક્સીજન માસ્ક પહેરેલી અને સલાઈન ડ્રિપ લગાવેલી ગંભીર હાલતની મહિલા દર્દી દસ કલાકથી વધુ સમય સુધી હોસ્પિટલની લોબીમાં પડ્યા રહ્યા બાદ સવારે પણ ડૉક્ટર્સ દ્વારા તેની તપાસ ન કરવાના કૃત્યને કેવી રીતે મૂલવી શકાય.

તે વખતે મને પૂણેના ડૉ. સુશીલ જે. દેશમુખ યાદ આવી ગયા, જેમણે ૯મી જુલાઈએ સવારે ૧૦ વાગે પગપાળા ચાલવાનું શરૂ કર્યું અને એક ગંભીર દર્દીની અરજન્ટ સર્જરી કરવા માટે બપોરે ૩ વાગે હોસ્પિટલ પહોંચ્યા. ભગવાન વિઠ્ઠલ પાલખીના સરઘસ કારણે શહેરના મોટા ભાગના વિસ્તારો બંધ હોવાથી તેમને આમ કરવું પડ્યું. એક રાત પહેલા જ નીતિન નાથાજી રાયભાન આ સરઘસને પોતાના પરિવાર સાથે જોઈ રહ્યા હતા. એ વર્ષે જ જાન્યુઆરીમાં તેમના લિવરની સર્જરી થઈ હતી. રાત્રે ૧૨.૩૦ વાગે તેમને પેટમાં બેચેની થવા લાગી અને બે વાગતા સુધીમાં તેમની હાલત વધુ વણસી. તેમને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. નીતિનની અલ્ટ્રાસાઉન્ડ કરવાથી જાણવા મળ્યું કે, તેના લિવરમાંનો ફોડલો ફૂટી ગયો છે. ત્યાં સુધીમાં સવારના ૬ વાગી ગયા હતા અને નીતિનને શ્વાસ લેવામાં પણ તકલીફ થઈ રહી હતી તેમજ ધબકારા પણ વધી ગયા હતા. તેમને આઈસીયુમાં લઈ જવામાં આવ્યા અને નક્કી કરવામાં આવ્યું કે, તેમને ઈમરજન્સી સર્જરીની જરૂર છે. તે જ સમયે ડૉ. દેશમુખને સૂચિત કરવામાં આવ્યા. સરઘસે રસ્તા રોકેલા હતા અને જેના કારણે હોસ્પિટલ સુધી પહોંચવા માટે વાહન શોધવાનો પ્રયત્નો નિષ્ફળ રહ્યા. લેપ્રોસ્કોપિક સર્જન ડૉ. દેશમુખે એક ફ્લાયઓવર પર પોતાની કાર પાર્ક કરી અને ભીડના કારણે આઠ કિમીનું અંતર કાપવા માટે તેમને લગભગ ૪ કલાક જેટલું પગપાળા ચાલવું પડ્યું. આખા રસ્તે તેઓ હોસ્પિટલના સ્ટાફ સાથે ફોન પર વાતચીત કરતા રહ્યા અને દર્દીની સ્થિતિ સ્થિર રાખવા તેમજ ઓપરેશન પહેલાની તૈયારીઓ માટેના નિર્દેશો પણ આપતા રહ્યા. બપોરે ૩ વાગતા પહોંચ્યા અને સીધા જ ઓપરેશન માટે જતા રહ્યા. ૩ કલાકના આ ઓપરેશનમાં ૭૦૦ મિલીલીટર પરુ કાઢવામાં આવ્યું. ત્યાર પછી દર્દીને બે દિવસ સુધી વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો, એ પછી તેમની સ્થિતિ થોડીક સ્થિર થઈ.

ફંડા એ છે કે, ઈશ્વરે આપણને માત્ર પ્રતિનિધિ તરીકે કામ કરવા મોકલ્યા છે, કેમ કે, આ બધા માનવ કલ્યાણ સાથે જોડાયેલા વ્યવસાય છે.

***(દિવ્ય ભાસ્કરમાંથી સાભાર)***

## સમાચાર

પ્રકાશ સમીક્ષા — સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળ - વડોદરા

'અષાઢી બીજ' કચ્છી નવુ વર્ષ, ૧૪-૭-૨૦૧૮ના શ્રી કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળ આયોજીત કચ્છી સંઘ અને પારંપારીક કચ્છી પહેરવેશની હરિફાઇ રાખવામાં આવેલ જેમાં કચ્છી સંઘમાં પ્રથમ મણીબાઇ ગ્રુપ, દ્વિતીય વેજબાઇ ગ્રુપ, તૃતીય મીઠુબાપા ગ્રુપ આવેલ તેમને મહિલા મંડળ તરફથી ઇનામ આપવામાં આવેલ. અને પારંપારિક કચ્છી પહેરવેશ હરિફાઇમાં ૧) નયનાબેન નાગડા ૨) પૂજાબેન લોડાયા, ૩) રાજુલબેન મોમાયા, ૪) રશ્મીબેન મોમાયા, ૫) ઉર્વીબેન નાગડા વિજેતા જાહેર થયા હતા. તેમને શ્રીમતી ગુણવંતિબેન ભરતભાઇ લોડાયા તરફથી ઇનામ રાખવામાં આવેલ અને જજ તરીકે શ્રીમતી દેવીબેન ધરમશીએ સેવા આપી હતી. હરીફાઇમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો એ ભાગ લીધો હતો.

૧૪-૭-૨૦૧૮ના શનિવાર અષાઢી બીજના દિવસે સાંજના ક.દ.ઓ. વડોદાર ધણીબાવાના ભાવિક ભક્તો તરફથી પાઠનું આયોજન કરવામાં આવ્યું. આ પાઠમાં જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને પ્રસાદીનો સૌ જ્ઞાતિજનોએ લાભ લીધા હતા.

### કોઠારા તીર્થે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ

પૂ. સાધ્વી શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા. કોઠારા ગામે ચાતુર્માસ પ્રવેસ કરતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા શણગારેલા બેડા, ગહુલીઓ, સફેદ વસ્ત્રોમાં સજ્જ દુપટાધારી શ્રાવકો તથા બાંધણીમાં સજ્જ સુશ્રાવિકાઓ સાથે ઢોલ-શરણાઇનાં સૂરો સાથે સામૈયું કરવામાં આવેલ.

સામૈયામાં કોઠારા મહાજનશ્રીનાં પ્રમુખ શ્રી નલીનભાઇ અજાણી, હેમંત અજાણી, વીરચંદ ધરમશી, રાયચંદ લોડાયા, દિનેશ અજાણી, હરીશ મુનવર, અનીલ મોતા, લહેરચંદ લોડાયા, ગોવિંદજી પટેલ, ભરત જીવાણી, મણિલાલ શાહ, ચંદ્રકાન્ત લોડાયા, પ્રભાતસિંહ જાડેજા, મહેન્દ્ર લોડાયા, લલીત લોડાયા, રમેશ મોતા, લીનાબેન લોડાયા, ખમાબેન ખોના, બાડા જૈન સંઘના ૮૦ ભાવિકો તથા અન્ય જૈન સંઘોનાં આગેવાનો જોડાયા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં ચાર્તુમાસનું મહત્વ સમજાવી સૌને ધાર્મિક આરાધનાંઓમાં જોડાઇ જવા પ્રેરણા આપી હતી.

સૂત્ર વહોરવવાનાં ચડાવાનો લાભ માતુશ્રી ખેતબાઇ ચાંપશીં ધરમશી કોઠારાએ જ્યારે ચરિત્રનો લાભ માતુશ્રી મણીબાઇ ખેતશીં મોમાયા સાંયરા હાલે વાશીએ લીધો હતો.

આ પ્રસંગે મહાજનશ્રીનાં પ્રમુખ શ્રી નલીનભાઇ અજાણી, જૈન મિત્ર મંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ અજાણી, પ્રવિણ લોડાયા, કુ. તોરલબેન શાહે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ અવસરે કોઠારા જૈન દેરાસર પેઢીનાં મુનિમશ્રી હીરાલાલભાઇ જીવાણી ૨૧ વર્ષ સુધી સેવાઓ આપી નિવૃત્ત થતાં તેઓનું પણ કોઠારા મહાજનશ્રી દ્વારા બહુમાન કરી તેઓશ્રીની સેવાઓને બિરદાવવામાં આવેલ.

સવારની નવકારશી માતુશ્રી પ્રેમાબાઇ લાલજી અજાણી પરિવાર હસ્તે કુ. પુષ્પાબેન બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી અજાણી પરિવાર દ્વારા યોજાયું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવર. જ્યારે આભાર દર્શન દીનેશ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, કાન્તીલાલ લાલકા તથા કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

### કોઠારા જૈન પાઠશાળા

શ્રી કોઠારા જૈન પાઠશાળાને દાતાશ્રી સ્વ. જય પ્રવીણ લોડાયા, મણિલાલ ચત્રભોજ નાગડા, કોઠારા ગામની નિયાણી બહેનો દ્વારા રૂપિયા પાંચ-પાંચ હજારનું અનુદાન મળેલ. એમાંથી તથા અગાઉનાં ભંડોળમાંથી પાઠશાળામાં અભ્યાસ કરતા ૨૪ પૈકી ૯ બહેનોને વુલનવર્કની સાડી, ૧૧ કુમારીકાઓને ચિકનનાં વ્હાઇટ ડ્રેસ તથા ૪ બાળકોને સુટ ડ્રેસ દર રવિવારે સામુહિક સ્નાત્રપૂજા તથા પ્રભુ પૂજા સમયે પહેરવા ભેટ અર્પણ કરવામાં આવેલ.

માતુશ્રી જમકુબાઇ મેઘજી દંડ તથા સુશ્રાવિકા શ્રી સુશીલાબેન તિલકભાઇ લોડાયા દ્વારા પણ દર વર્ષે આ પાઠશાળામાં અભ્યાસ કરતા ભાઇ બહેનોને પ્રભાવનાઓ દ્વારા પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવે છે.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976

કોઠારા ગામનાં ભાઇ-બહેનો તથા સર્વે બાળકોમાં ધાર્મિક શિક્ષણનું સિંચન પાઠશાળાનાં શિક્ષીકા તોરલબેન શાહનંદ કરી રહ્યા છે. ઉત્તમભાઇ ખોના, હરીશભાઇ મુનવર, ગણેશ ગુસાઇ તથા દાતાશ્રીઓ આ ધાર્મિક કાર્ય માટે સહકાર પૂરૂં પાડે છે.

**શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૧૨-૮-૨૦૧૮ના રાતના ૮.૩૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલય, ઝવેર રોડ મધે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી લહેરચંદ નરશી મૈશેરી પરિવાર - મોટી સિંધોડીવાળાએ લીધો છે. અને ૧૯-૮-૨૦૧૮ના ૮.૩૦ કલાકે છે. જેનો લાભ માતુશ્રી હીરબાઇ રતનશી લાલજી મોમાયા-નલીયાને માતુશ્રી વીણાબેન કાંતીલાલ ટોકરશી સોની પરિવાર - સાંયરા.

**શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ - શેગાવ**

મહિલા મંચની જુન મહિનાની મીટીંગ સૌ. કુંજનબેન લોડાયાની અધ્યક્ષતામાં થયેલ જેમાં આગામી નવા વર્ષની કાર્યકારિણી સમિતિના નામો જાહેર કરેલ. પ્રમુખ : શ્રીમતી પ્રવિણાબેન ચીતરંજન દંડ, ઉપપ્રમુખ : સૌ. ગીતાબેન રાજેષ દંડ, સચીવ : સૌ. પ્રેરણા પશ્મીન નાગડા, ખજાનચી : સૌ. અશ્વીની સ્વર વીકમશી.

નવા વર્ષ નિમિત્તે ક.દ.ઓ. મહાજન ખામગામ સાથે અંતરીક્ષજી યાત્રા કરવી એ નક્કી થયેલ. કચ્છી નવા વર્ષની ઉજવણી અને પ્રથમ પ્રોજેક્ટની શરૂઆત શીરા વિતરણ દ્વારા કરવામાં આવી. શની મંદીર અને હનુમાન મંદીર પાસે બેસતા ગરીબો અને રોટરી મતીમંદ વિદ્યાલયના છોકરાઓને શીરો સૌ. હેતલબેન હીરાલાલ લોડાયા તરફથી વિતરણ કરવામાં આવેલ. છેલ્લા ૧૦ વર્ષથી જિનાલય શુધ્ધીકરણ અને મૂર્તીઓની સાફસફાઇનું અભીયાન ચાલે છે. તે ૧૫-૧૬ અને ૧૮ જુલાઇના સંપન્ન થયેલ જેમાં મંચના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇને કર્મની નીર્જરા કરેલ.

**નલીનપુર નારી નીગમ - મુંબઇ**

ઉપરોક્ત સંસ્થાના ઉપક્રમે ૨૪-૭-૨૦૧૮ના માંડવી રિસોર્ટ, વસઈમાં ૧૦માં વાર્ષિક દિવસની ઉજવણી નિમિત્તે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫ મેમ્બર્સ ખૂબજ ઉત્સાહથી એમાં જોડાયા હતા. લોઢા ધામે 'સીમંધર સ્વામી'ના દર્શન કર્યા પછી સહુએ બસ દ્વારા રિસોર્ટ તરફ પ્રયાણ કર્યું હતું.

ત્યાં પહોંચીને વૉટરગેમ્સનો ભરપૂર આનંદ માણ્યો હતો. સુમધુર ગુજરાતી ગરબાનાં તાલે રમીને ઝૂમ્યા હતા. બપોરના જમણ બાદ હાઉસી અને વિવિધ રમતો રમાડવામાં આવી હતી. સાંજે ડીનર બાદ પૂર્ણ દિવસનાં મીઠાં સંસ્મરણો માણતા સહુએ ઘર તરફ પ્રયાણ કર્યું હતું.

**શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ - ગાંધીધામ**

મંડળ દ્વારા ૭-૭-૨૦૧૮ના રોજ અષાઢી બીજ નિમિત્તે મ્યુઝીકલ હાઝસીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ મીનાબેન લાલકા એ વડીલો, તેમજ પધારેલા મહેમાનોને આવકાર્યા હતા. દિપ્તીબેન ધરમશીએ કાર્યક્રમની શરૂઆતમાં ત્યાં હાઉસી રમાડવા પધારેલા લયભાઇ પતાની અને હેતલ પરમારની ટીમની ઓળખણ કરાવી હતી. કાર્યક્રમમાં વિજેતાઓને તેમજ ઓડિયન્સમાંથી પ્રશ્નોતરી દ્વારા ઇનામો આપવામાં આવ્યા હતા. લિપીકાબેન મૈશેરી એ બધાનો આભાર માન્યો હતો. આ પ્રોગ્રામને સફળ બનાવવામાં દિપ્તીબેન લોડાયા, મૃદુલાબેન નાગડા, કલ્પનાબેન મોતા, ભાવિની દંડ, પૂજાબેનએ મહેનત કરી હતી.

**શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટ સમાજ સેવાના કાર્યો પૂરી સફળતાપૂર્વક પાર પાડે છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતાઓના નામ : **કાયમી તિથી** ૧) ભાનુબેન મણિલાલ ધુલ્લા (મુલુંડ), ૨) વિહાન પ્રતીક દંડ (મુંબઇ), ૩) શ્રીમતી ગંગાબાઇ નરશીભાઇ દંડ (મલકાપુર), ૪) કુંવરબાઇ દામજી ભારમલ નાગડા (લોનાવલા), ૫) માતુશ્રી ધનબાઇ કેશવજી લોડાયા (હસ્તે ઝવેરચંદ કેશવજી લોડાયા-ડોંબિવલી), ૬) તારાબેન મેઘજી ભાણજી પોલડીયા (નાગપુર), ૭) યશ રાજા ગાંધી (હસ્તે - મણીબાઇ હિરાચંદ નાગડા-ઘાટકોપર), ૮) કુસુમકાંત ધનજી ખોના (હસ્તે મધુમતી દિનેશ ભાટે- ધુલીયા), ૯) શ્રીમતી ચંદનબેન મોતીચંદ ધરમશી (હુબલી), ૧૦ સ્વ. ચિ. ચેતન દિપક લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), ૧૧) નમીતા જીનેશ પાલાણી (હસ્તે ઇંદુબેન ઉત્તમચંદ મૈશેરી - મુંબઇ), ૧૨) ભદ્રાબેન કાંતીલાલ શાહ (ધુલીયા), **નકરો** ૧) નમ્રતા એનિક લોડાયા, ૨) ચંદ્રેશ અજી લોડાયા.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - પાચોરા**

અષાઢી બીજ હર્ષ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્રના પાઠ તથા શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવીને કરવામાં આવેલ. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથાની છબીને પુષ્પહાર પહેરાવી અને દિપ પ્રજ્વલન કરવામાં આવેલ.

ત્યાર બાદ મહાજનની સાધારણ સભા લેવામાં આવી. ગતવર્ષનું જમા-ખર્ચ રજુ કરવામાં આવેલ. વિવિધ વિષયો પર ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. શ્રી દિલીપ નાગડા, હિતેન

નાગડા તથા સૌ. હેતલ પોલડીયાએ પોતાના મંતવ્યો રજુ કરેલ. વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ માટે મહાજનના ટ્રસ્ટ બોર્ડની ચૂંટણી કરવામાં આવેલ. જેમાં નીચે મુજબ પદાધિકારીઓની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવેલ. ૧. પ્રમુખ - શ્રી કીરીટકુમાર ભવાનજી લોડાયા, ૨) ઉપપ્રમુખ - શ્રી અભય પ્રતાપ લોડાયા, ૩) માનદમંત્રી - શ્રી નીતીન હિરાચંદ નાગડા, ૪) સહ માનદમંત્રી - શ્રી યુરેશ દેવશી મોતા, ૫) ખજાનચી - શ્રી રાજેશ ઈશ્વરલાલ ખોના, ૬) મહિલા સભ્ય - સૌ. હેમલ બિમલ લોડાયા, ૭) મહિલા સભ્ય - સૌ. હેતલ કમલેશ પોલડીયા, ૮) સલાહકાર - શ્રી લાલજી ટોકરશી લોડાયા, ૯) સલાહકાર - શ્રી ઈશ્વરલાલ કાનજી ખોના.

અંતમાં શ્રી લાલજી ટોકરશી લોડાયા તરફથી સર્વે પાસ થયેલ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઇનામ આપવામાં આવેલ. શ્રી કમલેશ પોલડીયાએ આભારવિધી કરેલ. આજની સાધર્મિક ભક્તિનો લાભ સ્વ. શ્રીમતી રેખાદેવી ખુશાલચંદ પોલડીયા પરિવારે લીધેલ.

### શ્રી ક.દ.ઓ. મહાજન કોચીન

૧૪-૭-૨૦૧૮નાં શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. શ્રી ભાવનાનો લાભ શ્રી શાંતીલાલ ઉમરશી મોતા પરિવારે લીધેલ.

૧૫-૭-૨૦૧૮ ના સવારના વાર્ષીક સામાન્ય સભા રાખવામાં આવેલ. જ્ઞાતી શીરોમણી શ્રી નરશી નાથાની છબીને ફુલહાર પહેરાવી દિપક પ્રગટાવી સભાની શરૂઆત કરવામાં આવેલ. પ્રમુખ શ્રી કિશોરભાઈ કુરૂવાએ સહુ જ્ઞાતીજનોનું સ્વાગત કર્યું હતું ને નવા વર્ષની વધાઈ આપી હતી. શ્રી ક.દ.આ મહિલા મંચની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં મંચને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. ગત વર્ષની સામાન્ય સભાની મિનીટસ વાંચી મંજુર કરવામાં આવેલ. SSLC, ૧૨મી, સ્નાતક, અનુસ્નાતકની પરિક્ષામાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવેલ. શ્રી ક.દ.ઓ. મહિલા મંચનો વાર્ષીક અહેવાલ વાંચી સંભળાવ્યો હતો. મંચના લોગોની હરીફાઈમાં પ્રથમ આવનાર શ્રીમતી પ્રીતાબેન પરેશ મોતાનું અભિવાદન કરવામાં આવ્યું. મહિલા મંચના સભ્યોએ 'આપકી અદાલત' કાર્યક્રમ રજુ કર્યો હતો.

### શ્રી કોચીન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - કેરળ

શ્રી કોચીન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (કોચીન તીર્થ) કેરળમાં છેલ્લા ૩૦ વર્ષથી સવારના ૬કલાકે આચાર્યશ્રી શ્રીમદ્ વિજય માન્તુંગ સૂરિશ્વરજી મ.સા. દ્વારા રચિત ચમત્કારીક શ્રી ભક્તામર સ્તોત્ર ના પઠનથી ધાર્મિક ક્રિયાઓ નો પ્રારંભ થાય છે.

આવા ચમત્કારીક સ્તોત્રની જાણકારી આપવા માટે શ્રી સંઘના આમંત્રણને માન આપી વિશ્વ વિખ્યાત ડૉ. મંજુ જૈન જેમણે ભક્તામર સ્તોત્ર ઉપર પી.એચ.ડી. કરેલ છે. અને ડૉ. અર્ચના જૈન જેમણે આ સ્તોત્રની ૪૫મી ગાથા ઉપર પી.એચ.ડી. કરેલ છે તેઓ કોચીન પર્ધાયા હતા.

શ્રી સંઘ દ્વારા પ્રાયોજીત ૨૨-૭-૨૦૧૮ના સ્તોત્ર દ્વારા થતા માનસીક અને શારિરીક ફાયદા અને જટીલ રોગોથી મુક્તી કઈ રીતે પ્રાપ્ત કરી શકાય એવા એક કાર્યક્રમનું આયોજન કરેલ. ડૉ. મંજુ જૈન અને ડૉ. અર્ચના જૈન એ સંઘના સભ્યોને ખુબજ સરળ ભાષામાં દરેક ગાથાથી થતા ફાયદા અને કઈ રીતે ક્રિયા કરી પાઠ કરવું અને તકલીફો થી છુટકારો પામવો આની ખુબજ બારીકીથી જાણકારી આપી હતી. આ બન્ને ડૉક્ટ્રેટ બહેનોએ વિશ્વભરમાં આ મંત્ર દ્વારા કરેલ પ્રયોગો અને એનાથી થયેલ ફાયદાની જાણકારી બધાને આપી હતી. કાર્યક્રમમા પધારેલ વ્યક્તિઓમાથી ૭૫ વ્યક્તિઓ ને રૂબરૂમાં તેમની તકલીફો માટે નો ઉપચાર પણ કરેલ.

શ્રી સંઘ વતી ટ્રસ્ટ સમિતિએ ડૉ. મંજુ જૈન અને ડૉ. અર્ચના જૈનનું માર્ગદર્શન આપવા બદલ તીલક, શ્રીફળ અને સ્મૃતીચીન્હ ભેટ આપી બહુમાન કરેલ.

### ઘર બેઠા પરીક્ષા - OPEN BOOK EXAM

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસી તપ પ્રસંગે પ્રકાશિત ''મન્નહ જિણાણું આણં'' (ગૃહિ કૃત્યો) પુસ્તક આધારિત Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે. વહેલા તે પહેલાંના ધોરણે નીચેના સરનામે થી પુસ્તક - પ્રશ્નપત્ર - ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી. રૂા. ૧૦૦/- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

**પુસ્તક મેળવવાનું સરનામું :**

**૧) સુ. શ્રા. લતાબેન એલ. વીકમશી**

૨/૩૯, અનંત નિવાસ, ભાત બઝાર, ૨૬૨/૭૦, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદબંદર, મુંબઈ-૯, મો.: 9323944117

**૨) અ.સૌ. મનીષાબેન એચ. ખોના**

૧૦૬, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૭૭. મો.: 9664798398

**૩) અ.સૌ. હીનાબેન ડો. રણધીર**

બી/૯, સ્વપ્નીલ સોસાયટી, જી.વી. સ્કીમ રોડ નં. ૨, મુલુંડ (ઇસ્ટ) - મુંબઇ-૮૧. મો.: 9920026527

### ભાવના મંડળ, જલગામ

ભાવના મંડળની સર્વે બહેનોની સંમતીથી નવા પદાધિકારીની નિમણુંક કરવામાં આવી. પ્રમુખ સૌ. ટીના રાજેન્દ્ર પોલડિયા તથા ઉપપ્રમુખ સૌ. કાશ્મીરા જીતેષ

લોડાયાની નિમણુંક કરવામાં આવી. મંડળ ધાર્મિક પ્રવૃત્તીઓ, સીમંત, લગ્ન ગીત, પ્રાર્થના, સાન્જી તથા પૂજાઓ, મહાકાલીમાતાની ભાવના વગેરે કરાવે છે. બહાર ગામ જવાનુ આમંત્રણ સ્વીકારે છે.

### ભલારા દાદા ભાવિક ગ્રુપ - વરંડી મોટી

શ્રી ભલારા દાદા કુળદેવી સચ્ચાઇ માતાજી તથા ક્ષેત્રપાળ દાદા - મોટી વરંડી સ્થાનકે ધ્વજા મહોત્સવ ૧૨-૧૨-૨૦૧૮ના વિજય મુહુર્તે ઉજવાશે. શિખર તથા ઘુમ્મટની ધ્વજા માતુશ્રી ચંદનબાઇ કલ્યાણજી ભાણજી લોડાયા - વરંડી પરિવારના સભ્યો દ્વારા લહેરાવવામાં આવશે.

### શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી

શ્રી ઊત્કર્ષ ટ્રસ્ટ-મુંબઈ દ્વારા આયોજીત ને શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી દ્વારા સંચાલીત શૈક્ષણીક સેમીનાર ''પોતાની એક અલગ પ્રતીભા'' (CRAFTING YOUR PERSONAL BRAND) ૨૨/૦૭/૨૦૧૮ના ડોમ્બીવલી પરીસરમાં વસતા જ્ઞાતીજનો, વડીલોને બાળકો માટે એક આયોજીત કરવામાં આવ્યો. પ્રારંભમાં શ્રી નવકાર મંત્રનું - શ્રીમતી ભાવના ભરત મોમાયા (નલીયા) - શ્રીમતી જીજ્ઞા વિજય છેડા (સુજાપર)ને સમૂહ પઠન. ત્યાર બાદ શ્રી સરસ્વતી માતાજી અને શ્રી નરશીનાથાની છબી સમક્ષ દીપ, અગરબત્તી પ્રાગટ્ય કરી, હારા રોપણ, શ્રીમતી કીર્તીદાબેન ભરત મેકાની (સીંગાપોર), ઊત્કર્ષ ટ્રસ્ટના પ્રમુખશ્રી ઈઅ હીરાચંદ દામજી દંડ (મંજલ-અંધેરી), ઊત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ઈઅ નીલેશ શીવજી વીકમશી (રાણપૂર-પરેલ), મંડળના પ્રમુખશ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા), માનદ્ મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર), સહમાનદ્ મંત્રી શ્રી વિશ્વજીત વીરજી લોડાયા (કોઠારા), શૈક્ષણિક સમીતીના ચેરમેન શ્રી સંજય મણીલાલ નાગડા (રાપર), શ્રી કલ્પેશ ખુશાલ ધરમશી (કોઠારા)એ કર્યું હતું.

માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ પધારેલા આમંત્રિત મહેમાનો, જ્ઞાતીજનોને આવકાર આપીને સેમીનાર ને મંડળની વિવિધ પ્રવૃતીઓ વિશે માહીતી આપી હતી. પ્રમુખશ્રી હેમંત ધુલ્લાએ સેમીનાર વિશે પોતાના વિચારો રજુ કર્યા હતા. શ્રીમતી કિર્તીદાબેન મેકાનીનો પરિચય આપી શ્રી મહેન્દ્ર મોતાએ આપ્યો હતું તેમ જ બહુમાન મંડળના પ્રમુખશ્રી હેમંત ધુલ્લા, શ્રીમતી ભાવના મોમાયા, શ્રીમતી જીજ્ઞા છેડાએ કર્યુ હતુ. કીર્તીદાબેને શિક્ષણ ઉપર વિશેષભાર મુક્યો હતો. ભણવા માટે દરેક ઊંમર ઓછીજ છ. જીંદગી પૂરી થાય પણ ભણતર પૂરૂં ન થાય. બહેનોને, બાળકોના સ્થાસ્થય માટે (પોષ્ટીક) ભોજન ઊપર ખાસ ધ્યાન આપવાનુ કહ્યું હતું.

ઊત્કર્ષ ટ્રસ્ટના પ્રમુખશ્રી CA હીરાચંદ દામજી દંડ નું પરિચય તેમજ બહુમાન મંડળના માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મોતા, સહમાનદ્ મંત્રી શ્રી વિશ્વજીત લોડાયા, શૈક્ષણીક સમીતીના ચેરમેન શ્રી સંજય નાગડા ને કલ્પેશ ધરમશીએ કર્યુ હતુ. શ્રી હીરાચંદભાઈએ જણાવ્યું કે જ્ઞાતીની સંસ્થા અત્યાધુનીક છે. ભણતર, ગણતરને બાળકનું ચણતર આ સંસ્થામાં જ થશે. શ્રી અરિહંત બેંક બહેનો માટે રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ રૂપીયા) સુધીની લોન કોઈપણ વ્યવસાય કરવા માટે આપે છે. ડોમ્બીવલી (પશ્ચિમ)માં એક સેન્ટર શરૂ કરવાનું પણ વિચાર રાખેલ છે. વિશેષમાં શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટની મેડીકલ પૉલીસી પણ દરેક જ્ઞાતીજનોએ જરૂરથી લેવી જોઈએ આપણી જ્ઞાતીની સંસ્થાઓમાં થી જરૂરત મુજબનું લાભ આવશ્ય લેવો જોઈએ એ વાત ઉપર ખાસ ભાર મુક્યો હતો.

ઊત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી CA નીલેશ શીવજી વીકમશી (રાણપૂર-પરેલ)નો પરિચય શ્રી મહેન્દ્ર મોતાએ આપ્યો હતું. બહુમાન મંડળના ખજાનચી શ્રી જીજ્ઞેશ નાગડા, સહ ખજાનચી શ્રી મુકેશ વિકમશી, જ્ઞાતીદીપ તંત્રીશ્રી ચેતન નાગડા, મંડળની વ્યવસ્થાપક સમીતીના સભ્યોશ્રી મુકેશ શિયાડ, શ્રી અજય શિયાડે કર્યુ હતું. શ્રી નીલેશ ભાઈએ પણ શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. આપણી જ્ઞાતીમાંથી પહેલા CA ની કાં ખીમજી કુંવરજીની તેમજ CA થયેલા શ્રી શીવજીભાઈ વિકમશી હતા. આપણું મન અડગ હોય કોઈપણ ભણતર મુશ્કેલ નથી. ભણવા માટે કોઈપણ મદદ કે સહાયની જરૂર હોય તો વિના સંકોચે અવશ્ય પધારો. અમારાથી થતી બધીજ સહાય અમે જરૂરથી કરશું.

શૈક્ષણીક સેમીનારમાં આમંત્રીત મહેમાનો, બાળકો, વાલીઓ, વડીલો, જ્ઞાતીજનો ને મંડળના સભ્યો મળીને અંદાજે ૧૮૦ (એકસો એશી) જણાની હાજરી હતી. શૈક્ષણીક સેમીનારનું સંપૂર્ણ સંચાલન તેમજ આભારવિધી મંડળના માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ કરી હતી.

### હૈદરાબાદ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ

૨૨-૭-૨૦૧૮ના રોજ જંક્શન એલ.બી. નગરમાં ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્પિયનશિપ માટે બાર લીગ મેચો, બે સેમી ફાઇનલ અને એક ફાઇનલ મેચ રમાઇ હતી. શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખશ્રી ધનપતભાઇ મોતા, મંત્રી હિરેનભાઇ પટેલ (રાજુભાઇ), ખજાનચી લહેરચંદભાઇ લોડાયા, સહમંત્રી ધીરજભાઇ ધુલ્લા અને કિર્તીભાઇ મોમાયા, મહિલા મંચના મંત્રી ગ્રીષ્માબેન મોતા, સહમંત્રી છાયા મોતા, ખજાનચી મીનાક્ષી ધરમશી તથા જ્ઞાતિજનો સ્પર્ધા નિહાળવા એકત્રિત થયા હતા. દરેક ટીમ વચ્ચે ટ્રોફી જીતવા માટે રોમાંચક સ્પર્ધા થઇ હતી. ગોલગપ્પાએ ૨૦૧૮-૧૯ ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી અને પાવર રેન્જર્સ રનર-અપ ટ્રોફી મેળવી હતી. જ્યારે બેસ્ટ

પ્લેયર કિડ્ઝ – મહેક લોડાયા, બેસ્ટ ફિમેલ પ્લેયર – નિશીતા મોતા, બેસ્ટ બેટ્સમેન – મીત મોમાયા અને બેસ્ટ બોલર – સાગર લાપસીયા. આ ટુર્નામેન્ટના મુખ્ય દાતા સ્વ. રતનબાઇ બાબુભાઇ લોડાયા પરિવાર તથા સહાયક દાતામાં સાત દાતાઓએ પોતાનો ફાળો આપ્યો હતો. ૧) માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ, ૨) ગુલાબભાઇ પદમશી મોતા, ૩) કિર્તીકુમાર નરશી મોમાયા, ૪) ભરતભાઇ પદમશી મોતા, ૫) જયંતિલાલભાઇ દામજી મોતા, ૬) મહેન્દ્રભાઇ શામજી મોતા, ૭) ટીપટોપ નમકિન્સ (નિતીન દંડ). ટ્રોફી અને ગીફ્ટના દાતા જયચંદ હેમરાજ મૈશેરી હતા. વરૂણ રાંભિયાએ અમ્પાયરીંગની ભૂમિકા બજાવી હતી.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


કે.ડી.ઓ. ફેમિલી એન્ડ ફ્રેન્ડ્સ ગ્રુપના સંચાલકો રાજેશ મહેન્દ્ર ધરમશી, ભાવેશ ધનપત મોતા, નિશીતા ભાવેશ મોતા, નરેશ ઉત્તમચંદ મોમાયા, હાર્દિક ચંદ્રકાંત મોતા, હિતેશ હિરાચંદ ધરમશી, મમતા હિતેશ ધરમશી, કિરણ ઠાકરશી મૈશેરી અને ભાવેશ મણિલાલ લોડાયાએ આ આયોજનને સફળ બનાવવા ખૂબ જ મહેનત કરી હતી.

## નવી મુંબઈ ખાતેના આદિનાથ જિનાલયનું પ્રથમ ધ્વજા મહોત્સવ સંપન્ન

નવી મુંબઇ સાનપાડા માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ, લાખણીયા પરિવાર હસ્તે ભુપેન્દ્રભાઇ મુરજી દંડ પરિવાર દ્વારા સ્વદ્રવ્યથી ગયા વર્ષની અષાઢી બીજે પ્રતિષ્ઠિત કરેલ આદિનાથ ભગવાનનું જિનાલય જેનો વહીવટ શ્રી અનંતનાથ દેરાસરજી અને તેના સાધારણ ફંડસને સોંપેલ જેની પ્રથમ ધ્વજા મહોત્સવ ૧૪-૭-૨૦૧૮ને શનિવારે સવારે ૮.૩૦ કલાકે અઢાર અભિષેક તેમજ સત્તરભેદી પૂજા પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં ચિરાગ સંગોઇના સાથીદારોના સથવારે વિધિ વિધાન સાથે બપોરે ૧૨.૩૯ કલાકે માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ પરિવાર દ્વારા જ્ઞાતિજનોની હાજરીમાં લહેરાવવામાં આવી. ધ્વજા બાદ પધારેલ સર્વે જ્ઞાતિજનોએ સાધર્મિક ભક્તિનો લાભ આપેલ.

૧૮ અભિષેક લાભ લેનાર પરિવારો. ૧) માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ, ૨) કિરણ મણિલાલ દંડ, ૩) સુશીલ વિસનજી ધરમશી, ૪) ધનબાઇ દેવશી ધરમશી, ૫) ચંદનબેન લહેરચંદ લાલકા, ૬) ધનેશભાઇ મોમાયા, ૭) માતુશ્રી લક્ષ્મીબેન નારાણજી ખોના, ૮) કલ્પેશ માણેકજી મોતા, ૯) મીનલબેન ભરત ખોના, ૧૦) દીપક ઉમરશી ગાલા, ૧૧) ખુશી તથા પલાશ અમિત ધરમશી, ૧૨) અરિહા જુગલ સાવલા, ૧૩) કલ્પના દિપક ધરમશી, ૧૪) દિવિશા સુમિત ધરમશી, ૧૫) રેહા તથા રિશી પુનિત ધરમશી, ૧૬) નરેશ શામજી ખોના, ૧૭) જિનલ તથા હર્ષિલ મેહુલ ધરમશી, ૧૮) માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ.

સૂર્ય દર્શન શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, ચંદ્ર દર્શન માતુશ્રી સોનબાઇ ઉમરમશી ગાલા, આરતી માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ તથા માતુશ્રી કસ્તુરીબેન મૂલજી ખોના, મંગલ દીવો માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ તથા માતુશ્રી કસ્તુરીબેન મૂલજી ખોના, શાંતિ કલશ માતુશ્રી સોનબાઇ ઉમરશી ગાલા હસ્તે દીપક ઉમરશી ગાલા પરિવારોએ ચડાવો લઇ લાભ લીધેલ.

## વાંકુમાં અજીતનાથ પ્રભુજી પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

અત્રે નવનિર્મિત ત્રિશિખર સંગેમરમર જિનાલયે અજીતનાથ પ્રભુજીના આદિનો પ્રતિષ્ઠા મહોત્સવ

અચલગચ્છાધિપતિ જૈનાચાર્ય ગુણોદયસાગર સૂરિશ્વર મ.સા., આ. કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા. તથા શ્રમણ શ્રમણીવૃંદની હાજરીમાં ઉજવાયો. મહોત્સવના દ્રિતિય દિવસે સામૈયું કરાયું હતું. વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.તથા મુન પ્રિયકંર સાગરજી મ.સા.એ પ્રસંગ અનુરૂપ જિનવાણી શ્રવણ કરાવ્યું હતું. રથ યાત્રામાં વાકું જૈન મહાજન પ્રમુખ રમેશભાઈ સોની, દામજીભાઈ સોની, ભવાનજીભાઈ લોડાયા, નરેશ સોની, મહેશ લોડાયા, ચંદુલાલ મૈશેરી, મૂલચંદ મોતા, ચેતન મોતા, પ્રબોધ મુનવર, રામસંગજી જાડેજા, કિરણ દંડ, લલિત ખોના, હેમંત મોતા, રમેશ સોની તથા અનેક શ્રાવિકાઓ ઉમંગથી જોડાયા હતા.

**સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ**

સમિતિની બેઠકમાં કેડીઓ ડૉક્ટરોની ડીરેક્ટરી બનાવવા માટે બધી માહિતી જમા કરી એક મહિનાની અંદર આ કાર્ય પૂર્ણ કરી અને વહેલામાં વહેલી તકે ડિરેક્ટરી બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું. વિવિધ હોસ્પિટલમાં સાથે ટાઈઅપ કરી અને સમાજને મેસેજ પહોંચાડવા જેમાં મુલુંડની હીરા મોંઘી ઉપરાંત નવનીત હોસ્પિટલ સાથે મંત્રણા થઈ ગઈ છે અને તુરંતમાં નવી સ્કીમ જાહેર થશે. અન્ય એક રજૂઆતમાં વન વીંન્ડો સીસ્ટમ તુરંતમાં લાગુ કરાશે. યોગ અને આર્ટ ઓફ લિવિંગ માટે વિવિધ સંગઠન તથા જાણકાર વ્યક્તિઓ સાથે વાતચીત કરી અને સાથે જોડાણ કરી અને તુરંતમાં યોગ વિદ્યા જેવા કોર્સો શરૂ થશે. વિવિધ એરીયાના પેથોલોજી લેબ સાથે ટાઈઅપ કરી અને વધુમાં વધુ ડિસ્કાઉન્ટ અપાવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે. ઉપરોક્ત કોઈપણ સેવા માટે અગર જ્ઞાતિજનોને જરૂર હોય તો તેઓએ ડૉ.નિલેશ પોલડીયા, ભરત મૈશેરી, ગુલાબ મૈશેરી, મનિશા શાહનો સંપર્ક સાધવો.

**શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ-અમદાવાદ**

શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ-અમદાવાનું નવા વરસનું પહેલું પ્રોગ્રામનું આયોજનના ૪ જુલાઈના કરાયું. અંવતી દંડ એ ખુબજ સરસ વેસ્ટ આઉટ ઓફ બેસ્ટનું ડેમો બતાવેલ, જે વસ્તુ ઘરમાં હોય તેમાંથી કંઈક નવું બનાવી શકીએ એવી ઘણી ટિપ્સ પણ આપેલ. મહિલા મંચ એમનો આભાર માનેલ ગ્રીન ડે થીમ રાખેલ જેમાં લકી ડ્રો રાખવામાં આવેલ તેના ઈનામ દમયંતીબેન દંડ તરફથી હતા. નિહારીકા છેડા તથા સેજલ નાગડા વિજેતા થયેલ. પાંચ વન મિનિટ ગેમ્સ રાખેલ. મીરા ધમરશીએ ગેમ્સ રમાડેલ એના ઈનામ માલાબેન ધરમશી તરફથી હતા. એમાં દીપા લોડાયા, અનિતાબેન દંડ, સેજલ નાગડા, ભુમિકા છેડા તથા રાજેશ્વરીબેન ખોના વિજેતા થયેલ. રશ્મિ ખોના એ મદદ કરેલ. લક્ષ્મીબેન ખત્રી તરફથી મિઠાઈ રાખવામાં આવેલ તથા અલ્પહાર મહિલા મંચ તરફથી રાખેલ. ખુબજ સારી સંખ્યામાં બેનો એ હાજરી આપેલ મહિલા મંચ દાતા પરિવારનું આભાર માને છે. આગામી પ્રોગ્રામ ૧૪ ઓગસ્ટના રોજ રાખેલ છે.

**અભ્યાસાર્થે યુ.એસ.એ. જતા વિદ્યાર્થીઓને મદદરૂપ થવા KOJAINની પ્રશંસનીય પહેલ**

Many KDO students go to USA for higher studies and often they might need temporary help when they arrive to USA or sometime while visiting other cities for projects or assignments. KOJAIN runs this host families program where Kutchi Oswal students can be assisted by host families in various cities. KVO samaj conducts annual program of such students going to USA so they are already aware of the host families and may be in touch before leaving for USA. Since number of KDO students maybe less but they can also avail this option of KOJAIN host family.

for any KDO students going to USA for studies and looking for any host family for temporary help, please contact one of the following via WhatsApp, they will try to match up with KOJAIN host families in USA.

Dinesh Chheda: 001-201-213-3120
Manish Mota: 001-602-363-6145

## પાસ થયા અભિનંદન



**મોનિકા વસંત મોતા**
લાલા - ડોંબિવલી
**T.Y.B.A. 54.75%**



**નીશીકા મનીષ જીવાણી**
જખૌ-અમરાવતી
**12th** CBSE **86%**



**પ્રીતેશ રીતેશ શાહ**
સુજાપુર (કચ્છ)
**H.S.C. 78.20%**



**મૈત્રી રાજેશ છેડા,** ઇન્દોર
**12th** CBSE **73.20%**
NATA

## **નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સાગર જગદીશ ધુલ્લા**<br>(PS 7260) | રૂમ ૧૫, શ્રી ગણેશ ટેનામેન્ટ, રોડ નં. ૨, પટેલ કોલોની ૧૦,<br>ઓમ સ્કુલની પાસે, જામનગર-૩૬૧ ૦૦૮. મો.: 097374 18978 |
| **ચીમનલાલ વસનજી નાગડા**<br>(PS 6507) | ગીરનાર દર્શન, ભવનાથ તળેટી, રૂપાયતન રોડ, મિનરાજ સ્કુલની સામે,<br>જુનાગઢ - ૩૬૨ ૦૦૪. મો.: 095864 24629 |
| **નવદીપ કુંવરજી શાહ (નાગડા)**<br>(PS 4872) | ૧૩૦૨૭, સ્વરૂપ ૪-એ, સેક્ટર ૪, અંબા સ્કુલની પાછળ, અંબા ટાઉનશીપ,<br>અમદાવાદ-કરોલ હાઈવે, અડાલજ - ૩૮૨ ૪૨૧. મો.: 093761 04472 |
| **મુકેશ દામજી વિકમશી**<br>(PS 4687) | બી-૩૦૧, ગજાનન એપાર્ટમેન્ટ્સ, ચિખલી રોડ, ગોહર બાગ,<br>ઈન્દ્રપ્રસ્થની સામે, બિલીમોરા - ૩૯૬ ૩૨૧. મો.: 098258 05422 |
| **શશિકાંત ઉમરશી જીવાણી**<br>(PS 2493) | ૪૦૨, લીમોના રૂણવાલ એન્થોરીયમ, એલબીએસ માર્ગ, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 098333 05257 |
| **હેમાંગ લાલજી લોડાયા**<br>(PS 1381) | ઈ-૩૦૪, બીજે માળે, મિત્રધામ કો.હા.સો., જૈન દેરાસરની બાજુમાં,<br>સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 099206 46846 |
| **કિશોર ટોકરશી સોની**<br>(PS 1713) | સી૧-૪૦૧, હાઈડ પાર્ક હારમોની કો.હા.સો., હીરાનંદાની મેડોઝની પાછળ,<br>ઘોડબંદર રોડ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૧૦. મો.: 091468 71171 |
| **રમેશ ધનજી મૈશેરી**<br>(PS 3947) | ૧૧૦૨, C2B, લોન્ગ આઈલેન્ડ, પ્રાઈડ વર્લ્ડ સિટી, ચારોલી બુદ્રુક,<br>ડી. વાય. પાટીલ ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમાં, પુણે - ૪૧૨ ૧૦૫.<br>મો.: હેમલ 098196 45558 |
| **લલિત ખેતશી ધરમશી**<br>(PS 6436) | ૫૦૩, સમૃદ્ધિ ગ્રીન, લોકમંગલ ઑક્સીપાર્કની સામે, ઉમા નગરી,<br>એસટી સ્ટેન્ડ રોડ, સોલાપુર - ૪૧૩ ૦૦૧. મો.: અંકિત 089833 47570 |
| **નિતિન કુંવરજી મોતા**<br>(PS 7333) | ૨૦૫, હુલગા સ્મૃતિ બિલ્ડીંગ, બીજે માળે, લેવા ભવન હૉલની સામે,<br>ડી.એન.સી. રોડ, રામ નગર, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧.<br>મો.: 09819 300765 |
| **રોહિત રાયચંદ લોડાયા**<br>(PS 7354) | બી-૮, નીલકંઠ છાયા કો.હા.સો., મહાત્મા ફુલે રોડ, વિષ્ણુ નગર,<br>ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: 098195 69633, 092233 43088 |
| **કિરીટ ધનજી દંડ**<br>(PS 3541) | ૧૯, અન્નપૂર્ણા આરતી બિલ્ડીંગ, આનંદ નગર, સમ્રાટ હોટલ પાસે,<br>ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: શિલ્પાબેન 099673 41367 |
| **બંકિમ પ્રેમજી શાહ (શિયાલ)**<br>(PS 4643) | પ્રેમલીલા, સરદાર વલ્લભભાઈ વૉર્ડ, શ્યામ રેસીડેન્સીની પાછળ,<br>ધમતરી - ૪૯૩ ૭૭૩, છત્તીસગઢ. મો.: 094061 20700 |
| **કિશોર લખમશી શાહ (લોડાયા)**<br>(PS 5474) | ૫૬૦/બી, ૧લે માળે, ૧૦મો ઈ મેઈન રોડ, ૬ઠ્ઠો બ્લોક, રાજાજી નગર,<br>બેંગલોર - ૫૬૦ ૦૧૦. મો.: મયુર 074111 16269 |
| **રોહિત ઉમરશી ખોના**<br>(PS 5862) | ૪૦૧, શ્રી સાઈપ્રિયા રેસીડેન્સી, ૪થે માળે, જે.પી. નગર, ૧લો ફેઝ,<br>સરક્કી ૧૩મો ક્રોસ, અંજનેય મંદિરની સામે, બેંગલોર - ૫૬૦ ૦૭૮.<br>ફોનઃ 080-2653 7899, મો.: રોહિત 094470 37899<br>પુષ્પા 094959 50899, રોનક 097397 09998 |
| **જીગ્નેશ જીતેન્દ્ર લોડાયા**<br>(PS 5562) | જી૧, કે.ડી.ઓ. મેન્શન, ઓફ કુસુગુલ રોડ, અક્ષય એન્ક્લેવની પાછળ,<br>હુબલી - ૫૮૦ ૦૨૩. મો. : 096633 83113 |
| **હરીશ લખમશી દંડ**<br>(PS 5517) | B2, લક્ષ્મી એપાર્ટમેન્ટ્સ, ૧લે માળે, ૫/૬૯૯બી ગુજરાતી રોડ,<br>મટનચેરી, કોચીન - ૬૮૨ ૦૦૨. મો. : 094835 05531 |

### **કચ્છી કસબ - ૧૨૬ નો ઉકેલ**

આડી ચાવીઓ -
(૧) ગણુકરીને (૪) હેસુંધે (૬) વાંક (૭) રેઢા (૮) અધા
(૧૦) વેન (૧૧) ઉંનો (૧૨) શી (૧૩) છડીઅચ (૧૫) કીં
(૧૬) પરચા (૧૭) ભકાલો (૧૯) માંધો (૨૦) ખાસા (૨૧) નેરો
(૨૩) સાવ (૨૪) રેજક (૨૫) વાવડ (૨૬) બઇ (૨૮) વાયરા
(૨૯) સનૂ (૩૦) રોળ (૩૧) માની (૩૨) તીં (૩૩) સઉં

ઊભી ચાવીઓ -
(૧) ગડોળો (૨) કળસીયો (૩) નેચરેતો (૪) હેડાં
(૫) કેંક (૬) વાંધાવેચકા (૯) કોછ્યા (૧૧) ઉંધમાંધ
(૧૪) અભરો (૧૬) પસારા (૧૮) લોચપાઇ (૨૧) નેવડ
(૨૨) સોંજ (૨૩) સાવરા (૨૫) વાય (૨૬) બનૂસ
(૨૭) ધોરો (૨૮) વાની

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૭-૧૭ | મુલુંડ | અંતરીક્ષ, મલ્લિકા, ખીરેશ લલિત દંડ | છાદુરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૭-૧૮ | થાણા | પ્રીયંક પ્રકાશ માણેકજી લોડાયા | સાંધવ | ૨૭ |
| | ઘાટકોપર | વિધી પરેશ ઝવેરચંદ નાગડા | પરજાઉ | ૨૩ |
| ૨૩-૦૭-૧૮ | ઘાટકોપર | વરૂણ જગત રાયચંદ ખોના | કોઠારા | ૨૭ |
| | મુલુંડ | મોનિકા ગિરીશ નારાણજી નાગડા (ધૂમ) | નલિયા | ૨૪ |
| ૨૩-૦૭-૧૮ | મુલુંડ | રાજેશ જીતેન્દ્ર વીરજી નાગડા | રંગપુર | ૩૭ |
| | થાણા | રશ્મી ભાણજી રતનશી ડાઘા | વરાડીયા | ૩૨ |
| ૨૪-૦૭-૧૮ | થાણા | મેઘ પ્રતાપ રાયચંદ દંડ | મંજલ રેલડીયા | ૨૮ |
| | મુલુંડ | યેશા દિલીપ મણીલાલ ખોના | સુથરી | ૨૫ |
| ૨૬-૦૭-૧૮ | ઈગતપુરી | કરણ દિનેશ મણીલાલ પોલડીયા | ગોએરસમા | ૨૬ |
| | ડોમ્બીવલી | કાજલ અભય શીવજી શિયાડ | તેરા | ૨૨ |
| ૨૯-૦૭-૧૮ | નિઝામાબાદ | મીત નિલેશ ઉત્તમચંદ મોતા | વારાપધર | ૨૫ |
| | ગાંધીધામ | નિશી હિતેશ શાંતિલાલ મોમાયા | સાંયરા | ૨૧ |
| ૨૯-૦૭-૧૮ | મુલુંડ | અનૂપ (અર્જુન) જયંતીલાલ હંસરાજ લોડાયા | મોટી ખાવડી | ૩૩ |
| | ડોમ્બીવલી | ડૉલી ખુશાલ રામજી ખોના | કોઠારા | ૩૩ |
| ૨૯-૦૭-૧૮ | ગાંધીધામ | પ્રણવ જવેરચંદ ખોના | સાંધવ | ૨૪ |
| | અમલનેર | માનસી હરીશભાઈ લોડાયા | નલિયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૭-૧૮ | કેલીફોર્નિયા | જીત જયંત લક્ષ્મીચંદ નાગડા | રંગપુર | ૨૬ |
| | કેલીફોર્નિયા | શિવાલી સુરિન્દર કુમાર પ્રેમનાથ | જલંધર | ૨૬ |
| ૨૬-૦૭-૧૮ | ભુજ | ગુંજન જસવંત પુરષોત્તમ વ્યાસ | માધાપર | ૨૫ |
| | ભુજ | ખ્યાતિ ખુશાલ રાયશી ખોના | સુથરી | ૨૧ |
| ૩૧-૦૭-૧૮ | ડોમ્બીવલી | રૂષભ જીતેન્દ્ર લાલજી મહેતા | ગઢશીશા | ૩૦ |
| | અંજાર | હાર્દિકા કીર્તીકુમાર ખેતશી ધરમશી | તેરા | ૩૦ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૭-૧૮ | દહીસર | નીરવ ઉર્વીશ નવનીતલાલ શાહ | દહીસર | ૩૫ |
| | ડોમ્બીવલી | હેતવી પુનમચંદ વેલજી મૈશેરી | મોટી સિંધોડી | ૩૨ |
| - | ડોમ્બીવલી | સૂરજ આશિષ પાટોલે | - | ૨૭ |
| | ડોમ્બીવલી | પૂર્વા રાયચંદ જીવાણી | જખૌ | ૨૬ |

### સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૭-૧૮ | ખિરકિયા | વિરાજ ઉમેશ ભવાનજી નાગડા | લાલા | ૨૪ |
| | ઈન્દોર | હિરલ કિશોર લક્ષ્મીચંદ ખોના | જખૌ | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૭-૧૮ | ડોમ્બીવલી | ધનલક્ષ્મી જીતેન્દ્ર ધરમશી | મંજલ રેલડીયા | ૫૫ |
| ૨૪-૦૭-૧૮ | ડોમ્બીવલી | નરશી ખીંયશી માલદે | ભરૂડીયા | ૭૦ |
| ૨૪-૦૭-૧૮ | ગદગ | પ્રેમિલાબેન નેમચંદ ધરમશી | ભરૂડીયા | ૮૬ |
| ૨૭-૦૭-૧૮ | ડોમ્બીવલી | નવીનચંદ્ર રૂપશી શિયાલ | દલતુંગી | ૬૪ |
| ૦૧-૦૮-૧૮ | પૂના | અ.સૌ. ચારૂલતા (ચંપા) ચંદ્રકાંત ભાટે (ખોના) | - | ૭૨ |
| ૩૧-૦૭-૧૮ | મુલુંડ | પ્રવીણચંદ્ર ખીમજી લધાભાઈ દંડ | સેવક ભરૂડીયા | ૭૨ |
| ૨૯-૦૭-૧૮ | સાયન | કલ્પનાબેન જવેરચંદ કરમશી વિકમશી | જખૌ | ૬૩ |
| ૨૨-૦૭-૧૮ | નાંદેડ | નિર્મલા હીરાચંદ લોડાયા | સાંયરા | ૭૨ |

ॐ

# અમૃતવાટીકામાં જન્મદિનનાં મંગલ વધામણાં...




તા. ૧૦-૦૮-૨૦૧૮

ખુશીનાં દિપ જલે આજ,
પપ્પાના જન્મદિનનો રાજ,
પ્રતિવર્ષે થાઓ ખુશીનાં એવા લલકાર,
અજાણી પરિવારમાં વર્તાયો
આનંદ અપરંપાર...

પુણ્યોદયે દેવગુરૂની અનન્ય કૃપાથી કોઠારાના શ્રી શાંતીનાથ દાદા અને માટુંગાના શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ દાદાની શીતલ છત્રછાયામાં સદાચાર એવા **અજાણીબાપા** અને **અજાણીમાના સુરત્ન (નલીન અજાણી)** જે અમારા સાચા આત્મીય પથદર્શક, વ્યવહારુ, પ્રેમાળ આદરણીય આજે આનંદી જીવનસફરના પંચોતેર વર્ષ સર્વેના આર્શિવાદોથી પૂર્ણ કરી રહ્યા છે.

અમારા સમગ્ર પરિવારને ખૂબ જતનપૂર્વક બાગમાંથી બગીચો બનાવી, પુષ્પોના પમરાટની સુવાસ ફેલાવી કુટુંબવત્સલ અમારા પપ્પાને આદરમાનથી, સન્માનથી, ગૌરવથી પ્રણામ સાથે નિરામય દિર્ઘાયુષ્યની સ્નેહભીની શુભેચ્છાઓ વ્યક્ત કરીએ છીએ.



આપની સંસાર વાટીકાના
પુષ્પો...
અજાણી પરિવારના
જયજિનેંદ્ર !

## અભિનંદન : શુભેચ્છા : આર્શીવાદ

લોડાયા (નલીયા) તથા મુનવર (જખૌ) પરિવારનું ગૌરવ



### CA ચિ. કેવિન પ્રદ્યુમન દામજી લોડાયા

શ્રી સરસ્વતીદેવીની અસીમ કૃપાથી અને એકલવ્ય જેવી એકાગ્રતા અને પરિણામ લક્ષી પુરૂષાર્થ બળે અમારા લાડકવાયા ચિ. કેવિન પ્રદ્યુમન (મયુર) દામજી જીવરાજ લોડાયા ને C.A. ની પ્રતિષ્ઠિત પદવી પ્રાપ્ત કર્યા બદલ અંતરની અટારીએથી હેતભીના અભિનંદન... અભિનંદન

ચિ. કેવિન ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિ મેળવે એજ હાર્દિક શુભકામના.

લિ. તારી સિધ્ધી પર ગૌરવાન્વિત થનાર

દાદા-દાદી : રૂક્ષ્મણીબેન દામજી જીવરાજ લોડાયા
નાના-નાની : ખમાવંતી કુંવરજી મેઘજી મુનવર
માતા-પિતા : મીતા મયુર (C.A.) લોડાયા
કાકા-કાકી : રેખા ધવલ દામજી લોડાયા
મામા-મામી : રચના વિપુલ કુંવરજી મુનવર


SHREE KDO STUDENTS ASSOCIATION

ON THE OCCASION OF
65TH ESTABLISHMENT DAY
PRESENTS
A UNIQUE GAMESHOW

SAWALOTSAV

सवालों की शाम , आपके नाम

REFRESH YOUR MIND
PLAY SMARTLY
WIN SURPRIZES

19TH AUGUST SUNDAY 2. 30 PM ONWARDS

EVENT OPEN FOR ALL AGE GROUPS

ZAVERBEN POPATLAL AUDITORIUM
GHATKOPAR EAST

K.D.O. STUDENTS ASSOCIATION

#SHREEKDOVS

TO REGISTER YOURSELF
9769502277 | 8291929343

our media partner for the event:

વોઈસ ઓફ ઘાટકોપર ગુર્જરમાત જ્ઞાતિમૈયા


## અભિનંદન

C.A.
with
Flying Colours



B.Com, M.Com
(1st Class),
G.S.T. Course,
Pursuing C.M.A.

### કુમાર ઉત્કર્ષ ભાવના ખુશાલ મહેશ્વરી

(જન્મ : ૭-૬-૧૯૯૪) પુના

૨૦૧૮-મે માં લેવાયેલ પરિક્ષામાં

"Chartered Accountant" તરીકે ઉત્તીર્ણ થયેલ છે.

Multitalented ઉત્કર્ષને સમસ્ત પરિવાર

તર્ફે લખ-લખ અભિનંદનાષીશ...

દાદાણા :

માતુશ્રી મણિબાઈ લાલજી રતનશી મહેશ્વરી પરિવાર (જખૌ)

નાનાણા :

માતુશ્રી સરલા માણેકજી કુંવરજી દંડ પરિવાર (ઢલતુંગી)

Well Done my Kaka By અંશ જીગર કુલીન મહેશ્વરી...

## Hearty Congratulations



### AJAY PRATIMA UDAY KHONA

Kutch Suthri, Vile Parle (East), Mumbai

DOB : 26-06-1992

**Qualification :**

B.E (Elec) from D J Sanghvi College of Engineering - 2014

MBA(Marketing) from Sydenham Institute of Management Studies - 2018

**Profession :**

Former : Systems Engineer at TCS

Current : Sales Executive at Dun & Bradstreet, Amercian Multinational

CA

# અભિનંદન - શુભેચ્છા - આશીર્વાદ...




**CA Final**
**(All India Rank 45)**

આસમાનની બુલંદી પર તારું નામ હોય,
હજારોની પ્રેરણા બને, એવું તારું કામ હોય,
સફળ બનજે જીવનના દરેક ચરણમાં
એજ આપીએ અંતરથી શુભેચ્છા...

## CA મયંક રૂપેન જૈન (ધુલ્લા)

(કોઠારા - ઘાટકોપર)

લિ.

માતુશ્રી હંસાબેન અરવિંદ લક્ષ્મીચંદ ધુલ્લા
(કોઠારા - ઘાટકોપર)ના પૌત્ર
માતુશ્રી ઉર્મિલાબેન ઉત્તમચંદ જેઠાભાઈ મુનવર
(કોઠારા - મલકાપુર)ના દોહીત્ર

માતા-પિતા : અ. સૌ. પ્રિતી રૂપેન ધુલ્લા
કાકી-કાકા : અ. સૌ. પૂર્વી પ્રણવ ધુલ્લા
બહેન : ચિ. નિયતી, ચિ. ઈશિતા

UPASANA - 9820167767

## હાર્દિક અભિનંદન : લોડાયા અને છેડા પરિવારનું ગૌરવ



### ચિ. રાજુલ પ્રવીણ લોડાયા

**C.A. FINAL PASS**

(ગામ : નલીયા, હાલ : હૈદ્રાબાદ)
(માતા-પિતા : **શ્રીમતી હંસાબેન પ્રવીણ લોડાયા**)

જીવનના દરેક ક્ષેત્રે એના યશસ્વી ભાવિ માટે
અમારી મંગલ શુભકામના



❊ શુભાશિષ ❊

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : | સ્વ. લીલાવંતીબાઇ સોમચંદ લોડાયા |
| મા-બાપા | : | શ્રીમતી હીરાબેન ધનપત મોતા |
| મા-બાપા | : | માતુશ્રી વનીતાબેન નવીનચંદ નાગડા |
| મા-બાપા | : | શ્રીમતી જયશ્રીબેન લક્ષ્મીચંદ નાગડા |
| મા-બાપા | : | શ્રીમતી રમીલાબેન કિરણ લોડાયા |
| મા-બાપા | : | શ્રીમતી લક્ષ્મીબેન જીતેન્દ્ર લોડાયા |
| કાકા-કાકી | : | શ્રીમતી નીલમબેન ગિરીશ લોડાયા |
| ભાઇ-ભાભી | : | શ્રીમતી ચાંદની ધીરજ લોડાયા |
| બેન-બનેવી | : | જીનલ જતિન ગડા (સાંગલી) |
| બેન-બનેવી | : | ખુશ્બુ નિશાંત શાહ (તિરૂનલવેલી) |
| બેન-બનેવી | : | સુરભી હાર્દિક મૈશેરી (મુંબઇ) |
| ભાઇ | : | ભરત, કાર્તિક, યોગેશ બેન : રોશ્ની, મુક્તિ |
| ભત્રીજી | : | રેઝલ ભાણેજી : ઉર્મિકા |
| નાના-નાની | : | માતુશ્રી હીરબાઇ ગોવિંદજી છેડા (સુથરી) |
| મામા-મામી | : | શ્રીમતી શોભાબેન સુરેશ છેડા (ગાંધીધામ) |
| મામા-મામી | : | શ્રીમતી નંદનીબેન શૈલેશ છેડા (ગાંધીધામ) |
| માસા-માસી | : | શ્રીમતી ગીતાબેન રાજેશ મૈશેરી (વિરાર) |
| ભાઇ | : | શ્રેય, વંશ, ખુશ બેન : ફોરમ, માનસી, જાનવી, ઇશા |

**SHAH LALJI PARBAT**

**M/s. KIRAN KUMAR SOMCHAND**, Hyderabad • Cell : 9966285016

# અમારી સ્મૃતિ વંદના

: જન્મ : 　　 : અરિહંત શરણ :

૨૨-૧૨-૧૯૪૨ 　　 ૧૨-૦૮-૨૦૦૯



## સ્વ. કુલીનકાંત ગોવિંદજી નાગડા

વાત્સલ્યના વારિધી બની નભેથી વરસો છો તમે....
તોય કદી વાત્સલ્ય આપનું ખુટે નહીં
કંટકોની આ દુનિયામાં આપ મહેક્યાં ગુલાબ બની...
એ મહેક હજીયે જીવંત છે અમ શ્વાસમાં ભરી...
બની દિવાદાંડી, રાહ જીવનની ચિંધતા રહ્યાં...
ભલે હોય સાગર તોફાની, નાવ રહી સલામત અમારી...
ચિતરેલા ચીલાપર ચાલી રહ્યો છે પરિવાર આપનો...
વંદન કરી, અર્પિએ સ્નેહાંજલિ અમારી આપને...
સ્નેહાળ જીવન સાથી પ્રેમાળ પિતા, વાત્સલ્યમુર્તિ દાદા-નાના
તરીકે આપનું સ્થાન અમર છે અમારા હૈયામાં

### શ્રીમતી મધુબેન કુલીનકાંત નાગડા પરિવાર

ગામ : તેરા, હાલ : નાંદેડ

પુત્ર અને પુત્ર વધુ - કેતન – મિનલ
પુત્ર અને પુત્ર વધુ - પારસ – દિપાલી
જમાઈ અને દિકરી - મનિષ – સોનલ
(કોઈમતુર)
પૌત્ર - જીનેન, સુમીત અને ઋુષભ
પૌત્રી - ટીના, દોહિત્ર - હરશિક
વ સમસ્ત નાગડા પરિવાર, નાંદેડ.

---

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

## સામાન્ય સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક સામાન્ય સભા સંવત ૨૦૭૪ના શ્રાવણ સુદ ૧૪ના શુક્રવાર તા. ૨૪-૦૮-૨૦૧૮ના સાંજના ૬.૩૦ કલાકે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર સામાન્ય સભામાં ચર્ચા, વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

### કાર્યસૂચી

૧. ગત તા. ૧૬-૦૩-૨૦૧૭ની સભાની કાર્યવાહિનું વાંચન અને બહાલી.
૨. જ્ઞાતિનું અધિકૃત વસ્તીપત્રક એપમાં આમેજ જ્ઞાતિ કુટુંબોના સરનામાં, સભ્યોની સંખ્યા તથા અન્ય માહિતી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પરિસરમાં રહેતાં પરિવારોને અધિકૃત ગણવા બાબત.
૩. શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન આયોજીત (તા. ૨૩ થી ૨૫ ડીસેમ્બર ૨૦૧૮ નલિયા મધ્યે) ચતુર્થ સંમેલનમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની હદમાં રહેતા જ્ઞાતિજનો માંથી ''પ્રતિનિધીઓ''ની નિમણુંક કરવા બાબત.
૪. પ્રમુખશ્રી ની મંજુરી થી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

એજ લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

રમેશ હીરજી લોડાયા 　 ચેતનકુમાર ખીમજી મોમાયા

(માનદમંત્રીઓ)

**-ઃ નોંધ ઃ-**

૧) સભાના મુકરર થયેલ અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.
૨) મુલતવી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહી.

## રાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં રૌપ્ય ચંદ્રક મેળવ્યું



**શૌર્ય - જલ્પા હિતેશ મણિકાંત ધરમશી** (સુથરી) ઘાટકોપર, ઉ.વર્ષ ૮ એ અખિલ ભારતીય સ્તરે યોજાતી રાષ્ટ્રીય કરાટેની આ વર્ષે ૨૯ જુલાઈના મુંબઈમાં યોજાયેલ કાથા સ્પર્ધામાં ૯ વર્ષ સુધીના વય જુથમાં રૌપ્ય પદક મેળવ્યું છે. આ સ્પર્ધામાં દેશભરના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. શૌર્યેએ પાંચ વર્ષની ઉંમરે કરાટેની તાલીમ એવી શરૂ કરી હતી. વિવિધ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઇ રોયલ બ્લ્યુ બેલ્ટ મેળવ્યા પછી જિલ્લા ડીસ્ટ્રીક્ટ અને રાજ્ય સ્તરે તેણે કાંસ્ય પદક મેળવ્યું હતું.

**પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર વધુ સફળતાઓ મેળવે તેવી શુભેચ્છાઓ**

## શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ સફળતા મેળવવા બદલ હાર્દિક અભિનંદન



**મૈત્રી નિતીન નાગડા (શાહ)**
પાચોરા
C.A.



**કુંજલ અવની-અજય શાહ (લોડાયા)**
સાંયરા - ઐરોલી
C.A.





# હાર્દિક અભિનંદન... વ્હાલના વધામણા...

# ચિ. વિશેષ

**અ.સૌ. રક્ષાબેન CA કિશોર દંડ**

(ગામ : લાખણિયા - હાલે : વિલે પાર્લે)

**માત્ર ૨૧ વર્ષની નાની વયમાં**
**CA દરેક પરીક્ષાઓ પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થવા બદલ**

**અંતરની શુભેચ્છા...**

Proud of u Bro.... Dwayni

**તારી પ્રગતી પર ગૌરવ અનુભવનાર**

દાદા-દાદી : વિજયાબેન કાનજી કલ્યાણજી દંડ (લાખણિયા) પરીવાર
નાના-નાની : મંજુલાબેન નવનીતલાલ શાહ પરીવાર
ફઈ-ફુઆ : પુષ્પાબેન કિરણભાઈ પટેલ
કાકા-કાકી : અનસુયાબેન ખુશાલ દંડ, વર્ષાબેન CA ગીરીશ દંડ, અનીતાબેન જીતેન દંડ

BINITA S. MARU - 9869034162

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## હુબલી સ્થિત લાઈફલાઈન હૉસ્પિટલની બ્લડ બેંકને માતબર દાન



મૂળ ગામ કચ્છ તેરાના હાલે હુબલીના જ્ઞાતિ અગ્રણી **શેઠશ્રી ભરતભાઈ બી. ખીમજી** દ્વારા માતુશ્રીની પુણ્યસ્મૃતિમાં હુબલી સ્થિત લાઈફલાઈન હોસ્પિટલની બ્લડ બેંકને રૂા.૫૦ લાખનું માતબર અનુદાન **શ્રીમતી રતનબાઈ બી. ખીમજી બ્લડ બેંક** નામાભિધાન કરવા નિમિત્તે આપેલ છે.

**પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન**

## વ્યાપારી માલવાહક જહાજ સમુદ્રીના કેપ્ટનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા



**શ્રી મિખિલ મણિકાંત રતનશી ધરમશી** (સુથરી) મુલુંડ, વ્યાપારી માલવાહક જહાજના કેપ્ટનની પરીક્ષામાં જુલાઈ ૨૦૧૮માં ઉત્તીર્ણ થયા છે. અને તેમણે શીપ માસ્ટર તરિકેની પદવી મેળવી છે. આ મહીના (ઑગસ્ટ)ના પહેલા સપ્તાહમાં તેઓ પ્રથમવાર કેપ્ટન તરિકે કેનેડાથી અન્ય દેશોનાં બંદરો ભણી માલવાહક જહાજની સમુદ્ર સફરનું સંચાલન કરશે. તેમણે વર્ષ ૨૦૦૬માં નોટિકલ સાયન્સમાં બી.એસ.સી.માં ઉત્તીર્ણ થયા પછી પ્રોફેશનલ ડેક કેડેટ તરિકે કારકિર્દી શરૂ કરી હતી અને લગભગ ૧૨ વર્ષના સતત કઠોર પરિશ્રમ તથા બુધ્ધિ કૌશલ્યથી કેપ્ટનની પરીક્ષામાં સફળતા મેળવી છે. તેમની ધર્મપત્ની સૌ. મિતાલી, સૌ. નયના અભય જીવરાજ મોતા (હુબલી)ના સુપુત્રી છે.

**પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન**

## શ્રી અરિહંત કો. ઑપરેટીવ બેંક લી. દ્વારા એક દિવસીય પીકનીક

તા. ૧૭-૭-૨૦૧૮ના બેંકના કર્મચારીઓ માટે 'ગ્રેટ એસ્કેપ' એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭૫ સ્ટાફ મેમ્બર્સ સાથે બેંકના સીઈઓ કિરણ પટેલ તથા બેંકના ડિરેક્ટર રતિલાલ શાહ અને એડ. મનીષા પોલડીયા જોડાયા હતા.





if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,